# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૭ * માર્ચ, ૨૦૧૯


## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

# ૮૭મો

# સમ્યક્ત્વ જયંતી મહોત્સવ



ઈ.સ. ૧૯૩૩, વાંકાનેર,
સં. ૧૯૮૯
સાંજે ૩ાા લગભગ

## આનંદનો દિવસ

ફાગણ વદ દશમ ને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળથી નહિ સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદસાગર ઊછળી રહ્યા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્‌ભુત છે. પરમ ઉપકારી પરમ પ્રતાપી સદ્‌ગુરુદેવને નમસ્કાર.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● આ શરીરનો સંબંધ જ સંસાર છે, તેનાથી વિષયમાં પ્રવૃત્તિ થાય છે, જેથી પ્રાણીને દુઃખ થાય છે. બરાબરછે—લોઢાનો આશ્રય લેનાર અગ્નિને કઠોર ઘણના ઘા સહન કરવા પડે છે. તેથી મોક્ષાર્થી ભવ્ય જીવોએ આ શરીર એવી મહાન યુક્તિથી છોડવું જોઈએ કે જેથી સંસારના કારણભૂત તે શરીરનો સંબંધ આત્મા સાથે ફરી ન થઈ શકે. ૧૭૨૨. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શરીરાષ્ટક, શ્લોક-૭)

● શરીર સંબંધી નાના પ્રકાર સંકલ્પ હોતે હૈ, શરીરકી દૃષ્ટિ હી વ શરીરકી અહંબુદ્ધિરૂપી શ્રદ્ધા હી અનિષ્ટ કરનેવાલી હૈ, જિસસે જ્ઞાનસ્વભાવી આત્માકા દર્શન નહીં હોતા હૈ. ઈસસે જ્ઞાનાવરણકર્મકા પ્રચુર બંધ હોતા હૈ, તબ દુઃખકી સન્તાન પડ જાતી હૈ. ૧૭૨૩. (શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૧૪૫)

● લોહેકી સંગતિસે લોકપ્રસિદ્ધ દેવતા—અગ્નિ દુઃખ ભોગતી હૈ, યદિ લોહેકા સંબંધ ન કરે, તો ઈતને દુઃખ ક્યોં ભોગે? અર્થાત્ જૈસે અગ્નિ લોહપિંડકે સંબંધસે દુઃખ ભોગતી હૈ, ઉસી તરહ લોહ અર્થાત્ લોભકે કારણસે પરમાત્મતત્ત્વકી ભાવનાસે રહિત મિથ્યાદૃષ્ટિ જીવ ઘનઘાતકે સમાન નરકાદિ દુઃખોંકો બહુત કાલતક ભોગતા હૈ. ૧૭૨૪. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, ગાથા-૧૧૪)

● જબ તક જીવકો એક પરમ શુદ્ધ પવિત્ર ભાવકા જ્ઞાન નહીં હોતા, તબતક વ્રત, તપ, સંયમ ઔર શીલ યે સબ કુછ ભી કાર્યકારી નહીં હોતે. ૧૭૨૫.
(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૩૧)

● જિસ કારણસે પૂર્વ સંચિત કર્મોંકા ક્ષય હો જાવે વ નવીન કર્મોંકા સંચય ન હો વહ હી કામ મોક્ષસુખકે અભિલાષી આત્મજ્ઞાનીકો કરના યોગ્ય હૈ. ૧૭૨૬.
(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૪૦)

● શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, બાકીનું કોઈ અન્ય દ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઈ શકે.) અથવા શું તે (જ્ઞાનાદિ સ્વભાવ) કોઈ અન્ય-દ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.) ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી. ૧૭૨૭.
(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૧૬)

વર્ષ–૧૩
અંક–૭




વિ. સંવત
૨૦૭૫
March
A.D. 2019



**પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી વિવિધ પ્રસંગે વહેલાં**

# તત્ત્વબોધક વચનામૃત

શ્રોતા : વચનામૃતમાં આપે કહ્યું કે તીખો અને કરડો પુરુષાર્થ કરવો જોઈએ. તેમાં અમારે વધારે વાંચન કરવું, સત્સંગ કરવો કે ધ્યાન ધરવું?

પૂજ્ય બહેનશ્રી : અંતર-પરિણતિનો વધારે પુરુષાર્થ કરવો. તેમાં તેને જ્યાં રુચિ લાગે તે કરે. પરિણતિને જો વાંચન લાભ કરે છે તેમ લાગે તો વાંચનમાં જોડાય, વિચારમાં લાભ વધારે લાગે તો તેમાં જોડાય ને સત્સંગમાં લાભ લાગતો હોય તો ત્યાં જોડાય. અંદર પુરુષાર્થની—જ્ઞાયક ધારાની—ઉગ્રતા કેમ થાય ? મારા ચૈતન્ય તરફ મારી પરિણતિ કેમ દૃઢ થાય? મારી પ્રતીતિ દૃઢ થાય કે આ હું ચૈતન્ય જ છું, આ હું નથી—આ એક જ તેના પુરુષાર્થનું ધ્યેય છે. તે ધ્યેયની સાથે જ્યાં જ્યાં તેના પરિણામને ઠીક પડે—પરિણામ જ્યાં ટકી શકે અને વૃદ્ધિ થાય—તેવી જાતનાં કાર્યોમાં જોડાય. ધ્યાનમાં ઠીક લાગતું હોય તો ધ્યાનમાં જોડાય, પણ ધ્યાન યથાર્થ જ્ઞાનપૂર્વક હોય છે. પોતાના સ્વભાવને વિચાર કરીને ઓળખે કે આ જ્ઞાયક તે હું છું, પછી તેમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે. એકાગ્રતા તે તેનું ધ્યાન છે. જો ધ્યાનથી ઉગ્રતા થતી હોય તો ધ્યાન કરે, પણ તે ધ્યાન જ્ઞાનપૂર્વક હોવું જોઈએ. વગર સમજ્યે ધ્યાન કરે કે વિકલ્પ છોડવાનો પ્રયત્ન કરે એટલે કે ક્યાં ઊભા રહેવું છે તેના ભાન વગર ને પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર ધ્યાન કરે તો લાભ ન થાય. પ્રથમ સમજીને ધ્યાન કરે કે આ ચૈતન્ય તે હું, આ હું નથી. પછી તેમાં એકાગ્ર થવાનો તીખો પુરુષાર્થ કરે, તો એકાગ્રતાનો લાભ થાય. તે યથાર્થ સમજણપૂર્વક હોવું જોઈએ. પણ તેને યથાર્થ જ્ઞાન કરવા માટે વિચાર સાથે વાંચન, સત્સંગ હોય. પછી એકાગ્રતા કરવા માટે ધ્યાન કરે; પણ તે સમજણપૂર્વક ધ્યાન હોવું જોઈએ. ૧.

શ્રોતા : આપ વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાનું કહો છો તો તે અભ્યાસ કઈ રીતે કરવો?

પૂજ્ય બહેનશ્રી : પોતાને બહારમાં શરીર પ્રત્યે, વિભાવ પ્રત્યે એકત્વબુદ્ધિ છે, ત્યાંથી એકત્વબુદ્ધિને તોડીને વારંવાર હું ચૈતન્ય છું, જ્ઞાયક છું તેમ થવું જોઈએ. તે વારંવાર ક્યારે થાય? કે એટલી અંદરની લગની લાગી હોય, જરૂરિયાત લાગી હોય તો થાય. અનાદિની એકત્વબુદ્ધિ છે તેને તોડીને વારંવાર હું ચૈતન્ય છું, ચૈતન્ય છું તેમ શરૂઆતમાં વિકલ્પરૂપે થાય છે. સહજધારા થાય ત્યારે યથાર્થ પરિણમન થાય છે, પણ ત્યાં સુધી ભાવનારૂપે વિકલ્પ હોય છે.

બહારમાં ક્યાંય ચેન ન પડે, એકત્વબુદ્ધિ વખતે પણ ચેન ન પડે. તો પોતાને શોધીને પોતાનો આશ્રય ગ્રહણ કરે. તે ન થાય ત્યાં સુધી શ્રુતનું ચિંતવન કરે, દેવ-શાસ્ત્ર-ગુરુમાં ચિત્ત લગાવે, તે વિચાર કરે કે હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, પણ તે ભાવનામાં એકસરખું રહી શકાતું નથી, કારણ કે તે ભાવના સહજ નથી. સહજ નથી એટલે વિચાર બીજે-બીજે જાય—શ્રુતના ને દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતવનમાં ઊભો રહે. હું જુદો છું, હું જુદો છું, એમ એકના એક વિકલ્પમાં, વિકલ્પવાળો ઉપયોગ છે એટલે ટકી શકતો નથી. તેથી ભાવના એમ રાખે કે હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, અને વારે-વારે અભ્યાસ પણ કર્યા કરે. ઉપયોગ એકમાં ટકી શકતો નથી તેમ જ એક ને એક વિકલ્પવાળું ચિંતવન લૂખું થઈ જાય છે, માટે શ્રુતના ચિંતવનના વિચારમાં રોકાય છે. છતાં કરવાનું તો એક જ છે—ભેદજ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે એમ એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. ૨.

શ્રોતા : સ્વાધ્યાય વધારે કરવો કે મંથન વધારે કરવું?

પૂજ્ય બહેનશ્રી : જેમાં રસ પડે તે કરવું. ચિંતવનમાં ઉપયોગ ટકે નહિ તો સ્વાધ્યાય કરવો અને વિશેષ સમજવા માટે ચિંતવન કરે, ગમે તે કરે, શાસ્ત્ર સમજણપૂર્વક વાંચે તો તેમાં ભેગું આવી જાય છે. એકલું—એકલું ચિંતવન ઝાઝીવાર ચાલે નહી તો શાસ્ત્ર સાથે રાખવું. શાસ્ત્ર સાથે રાખવાથી ચિંતવન વધારે દૃઢ થાય છે. આત્માને લગતું ગમે તે કરે. જ્યાં રસ ટકે, પોતાની પરિણતિ ટકે તે કરવું. પોતાને રસ લાગે તે કરવાનું છે. એકદમ ધ્યાનનો પ્રયત્ન કરવાથી સ્વાનુભૂતિ થતી નથી, પહેલાં જ્ઞાન કરે પછી સાચું ધ્યાન હોય. પહેલાં જ્ઞાયકતા ઓળખાય અને પછી ક્ષણે ક્ષણે હું જુદો છું, હું જુદો છું એમ જ્ઞાયક ઉપર દૃષ્ટિ જામે તો સ્વાનુભૂતિ થાય. અંતરદૃષ્ટિ જામ્યા વગર સ્વાનુભૂતિ કોના આધારે પ્રગટ થાય? પહેલાં દૃષ્ટિ જ્ઞાયકમાં સ્થાપવી જોઈએ. ૩.

શ્રોતા :—અંદર શું કરવું એ સમજાતું નથી તેથી ફરી ફરીને પૂછવાનો ભાવ આવ્યા કરે છે કે આ કરવું કેવી રીતે?

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવે ઘણુંય સમજાવ્યું છે, કહેવામાં કાંઈ બાકી રાખ્યું નથી. કેવી રીતે કરવું શું? પોતાનો સ્વભાવ ઓળખીને કરવું. અંદરથી એવી લગની લાગવી જોઈએ, ઓળખાણ કરવી જોઈએ, કે ચૈતન્ય સ્વભાવ શું છે? આ જડ કાંઈ જાણતું નથી ને રાગ જાણતો નથી; પણ હું બધાનો જાણનાર જુદો છું. જાણનારને ઓળખ્યા વિના કામ થતું નથી. આ એક જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. બહારમાં બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો એ બધું નિષ્ફળ જાય છે. એક આત્માને જાણે અને બહારનું ખાસ ન આવડતું હોય તો પણ એમાં બધું આવી જાય છે. આત્માને જાણે, શ્રદ્ધા કરે અને એમાં લીનતા કરે એમાં બધું આવી જાય છે—બધું સમાઈ જાય છે. આત્મામાં લીનતા કરતાં કરતાં જે પૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તે પ્રગટ થાય છે. વીતરાગ દશા, કેવળજ્ઞાન વગેરે બધું આત્મામાંથી પ્રગટ થાય છે. બહારનું બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો તે સફળ નીવડતું નથી. અને એક આત્માને જાણે તો તે બધું સફળ નીવડે છે. આત્માને જાણવો, તેની શ્રદ્ધા કરવી ને તેમાં લીનતા કરવી. પણ એ થાય ક્યારે? કે આત્માનો રસ લાગે ને બહારનો રસ છૂટી જાય ત્યારે એ થાય. આત્માની મહિમા-રસ-તમન્ના લાગે, એના વિના ચેન ન પડે ને વારંવાર એના વિચારો આવે તો થાય. ૪.

શ્રોતા : આત્મામાં સુખ ભર્યું પડ્યું છે તો તેનો નિર્ણય કરવાની રીત શું?

પૂજ્ય બહેનશ્રી : આત્મામાં જ સુખ છે એમ આચાર્યદેવે ને ગુરુદેવે જીવનો સ્વભાવ બતાવીને અનેક યુક્તિ અને દલીલથી કહ્યું છે. તે ઉપરાંત અમે સ્વાનુભૂતિ કરીને કહીએ છીએ કે આત્મામાં જ સુખ છે. ગુરુદેવે તો ઉપદેશમાં ઘણી ચોખવટ કરીને બધું સૂક્ષ્મ રીતે—અપૂર્વ રીતે સમજાવી દીધું છે. કોઈ જતો હોય તેને માર્ગ કોઈ બતાવે, પણ ચાલવાનું તો પોતાને જ છે, નિર્ણય પોતાને જ કરવાનો છે.

ગમે તે ભાવોમાં, ગમે તે રાગમાં, ગમે તે કાર્યોમાં સુખની કલ્પના કરનારો સુખ માને છે, પણ તે પોતે જ સુખસ્વભાવી છે, સહજ આનંદસ્વભાવી છે. તેની પોતા તરફ દૃષ્ટિ નથી, તેથી જ્યાં સુખ નથી ત્યાં સુખની કલ્પના કરે છે. કલ્પના કરીને સુખને વેદું છું, એમ માની રહ્યો છે. જે પોતે સુખસ્વભાવી છે તે પરમાં સુખ માની રહ્યો છે; જડ નથી માનતું. સુખસ્વભાવ પોતાનો છે, છતાં જ્યાં ત્યાં આરોપ કરીને સુખની કલ્પના પોતે કર્યા કરે છે. પોતે સુખનો ભંડાર છે, છતાં બીજામાં સુખની કલ્પના કરે છે. દૃષ્ટિ ઊંધી છે તેથી બહાર સુખ માન્યું છે. અંદર સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત સુખસ્વભાવ પોતાનો છે. જેમ જ્ઞાન પોતાનું છે, તેમ સુખસ્વભાવ સહજ સ્વરૂપે પોતાનો છે. છતાં જ્યાં ત્યાં કલ્પના કરીને

શાંતિ અને સુખ માન્યું છે. આવું પોતે જ માની રહ્યો છે, પણ સુખ પોતામાં છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે મૃગને પોતાની નાભિમાં રહેલી કસ્તુરીની સુગંધ આવે છે છતાં તેને વિશ્વાસ નહિ હોવાથી તે ચારેકોર ગોતે છે. તેમ સુખસ્વભાવી પોતે સુખની કલ્પના જ્યાં ત્યાં બહારમાં કરી રહ્યો છે. સુખનો ભંડાર, સ્વતઃસિદ્ધ આનંદ વસ્તુ પોતે જ છે, તો પણ પોતે જ્યાં ત્યાં સુખ માની રહ્યો છે. ૫.

શ્રોતા : પાત્ર શિષ્યનાં મુખ્ય લક્ષણો સંબંધી થોડું માર્ગદર્શન આપો.

પૂજ્ય બહેનશ્રી : પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેના દરેક કાર્યો હોય છે. શુભભાવના કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કાંઈ પ્રયોજન હોતું નથી.---લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેને હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે. ૬.

શ્રોતા : કાર્ય કેમ નથી આવતું?

પૂજ્ય બહેનશ્રી : કારણ આપે એટલું કાર્ય આવે. કારણની કચાશે કાર્યની કચાશ છે. પૂરું કારણ ન અપાય ત્યાં સુધી કાર્ય આવતું નથી. કારણ ન અપાય ત્યાં સુધી તેની ભાવના કરવી, ભેદજ્ઞાનની ધારાનો અભ્યાસ કરવો, નિર્વિકલ્પ આત્મા છે, તેની દૃષ્ટિ (રુચિ) કરવી, કારણ પૂરું અપાય ત્યાં સુધી કાર્ય ન આવે, એવો સિદ્ધાંત છે. ન થાય તો સમજવું કે કારણ ઓછું છે, માટે કાર્ય નથી આવતું. તેથી કારણની તીવ્રતા કરવી, તેનો અભ્યાસ ક્ષણે ક્ષણે કરવો તે જ કરવાનું છે. ૭.

શ્રોતા : શું આત્મા પ્રાપ્ત કરવા તીવ્ર પુરુષાર્થની જરૂર છે?

પૂજ્ય બહેનશ્રી : (હા), તીવ્ર પુરુષાર્થની જરૂર છે. જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો તેને માટે તીવ્ર પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થ કરે તો થાય જ, ન થાય તેવું નથી, પણ પોતે કરતો નથી. અનંતા જીવો પુરુષાર્થ કરીને મોક્ષ ગયા છે. પર અને

વિભાવ સાથેની એકત્વબુદ્ધિ દિવસ અને રાત ચાલ્યા કરે છે. તેમાંથી છૂટો પડીને જ્ઞાયકનો અભ્યાસ અમુક પ્રકારે કરે છે પણ તેનો અભ્યાસ અંદરથી સતત કરે તો થાય. સતત અભ્યાસ ક્યારે થાય? કે લગની લાગે તો થાય. ૮.

શ્રોતા : વચનામૃતમાં આવે છે કે કાર્યની ગણતરી કરવા જેવી નથી, તેમ છતાં પરિણામોમાં કાર્યની ગણતરી થઇ જતી હોય ત્યાં મુખ્ય કારણ શું બનતું હશે? તેનાથી બચવા માટે પ્રયોગાત્મક રીતે શું કરવું?

પૂજ્ય બહેનશ્રી : કાર્યોની ગણતરી ન કરતાં આત્માને મુખ્ય રાખવો. બહારમાં તે જાતનો રાગ છે એટલે કાર્યની ગણતરી થાય છે. તેને માટે એક આત્મા તરફની જ લગની લગાડે તો બીજાની મહિમા તૂટી જાય. કાર્યોની શી મહિમા છે? આત્મા જ મારે સર્વસ્વ છે અને આત્મામાં જ સર્વસ્વ છે. આમ આત્માને મુખ્ય રાખે અને આત્માની મહિમા આવે તો તે બધું ગૌણ થઈ જાય છે, કોઈ જાતની ગણતરી રહેતી નથી. જેને આત્માની જ મહિમા, લગની અને તે તરફનું સર્વસ્વ રહે છે તેને મેં આટલું કર્યું તો પણ કાંઈ થતું નથી, આટલા વિચારો કર્યા, વાંચન કર્યું, સ્વાધ્યાય-ભક્તિ કરું છું તોપણ થતું નથી તેવી ગણતરી હોતી નથી. પણ તેને આત્મા મુખ્ય રહે છે કે મને આત્મા જ સર્વસ્વ છે. બહારથી જે બધું થાય તેના કરતાં અંતરમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરું, જ્ઞાયકને ગ્રહણ કરું, તેમાં લીનતા કેમ થાય તેના ઉપર તેની દૃષ્ટિ હોય છે. ૯.

શ્રોતા :—સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા પ્રત્યે સાચી અર્પણતા હોય તો કાર્ય થઈ જાય ને? એ અર્પણતાનો મર્મ શું છે તે આપ સમજાવશોજી.

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવે આત્માનું અપૂર્વ સ્વરૂપ સમજાવ્યું છે કે આત્મા જુદો છે, શરીર જુદું છે, વિકલ્પ જુદો છે એવું ભેદજ્ઞાન કરીને તું દ્રવ્યદૃષ્ટિ કર. ગુરુએ જે બતાવ્યું છે અને ધર્માત્મા કહે છે તે બધાનો તેને સ્વીકાર છે. જેણે અંતરમાંથી ગુરુને સ્વીકાર્યા તેને ભવનો અભાવ થયા વગર રહે નહિ.

મૂળ પ્રયોજનભૂત જે સ્વરૂપ છે તે ગુરુદેવે બતાવ્યું છે. જે ભગવાનના દ્રવ્ય- ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે અને જે આત્માને જાણે તે ભગવાનને જાણે. તેમ જેણે ગુરુને સ્વીકાર્યા તે પોતાને સ્વીકારે છે—અને પોતાને સ્વીકારે છે તે ગુરુને સ્વીકારે છે. એવી અર્પણતા અંદરમાંથી આવે તો વિકલ્પનું સ્વામીપણું તેને છૂટી જાય છે. હું વિકલ્પથી જુદો, વિકલ્પ મારું સ્વરૂપ નથી, વિકલ્પનો હું સ્વામી નથી. જો ખરી અર્પણતા હોય તો પૂજ્ય ગુરુદેવ કહે છે તેવી પોતાની પરિણતિ થઈ જાય છે. બુદ્ધિથી નહિ, પણ અંતરથી થઈ જાય છે તે અર્પણતા જુદી જાતની હોય છે. તેને બધા વિકલ્પની અંદર બધી અર્પણતા જ હોય છે. ૧૦.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## પ્રભુ! તું શીઘ્ર જાગ ને જો, જ્યાં તું છો ત્યાં રાગ નથી રાગના ત્યાગનો કર્તા તું નથી

સૌ ભાવને પર જાણીને, પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

પ્રત્યાખ્યાન શું છે?—કે સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, એ વાત આચાર્યદેવ સમજાવી રહ્યા છે.

આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા) અન્ય દ્રવ્યના નિમિત્તે થતા વિકારપણે વ્યાપ્ત ન થાય એવો તેનો સ્વભાવ છે, આત્મદ્રવ્યનો સ્વભાવ જ જ્ઞાતા હોવાથી વિભાવના વિકલ્પથી વ્યાપ્ત થતો નથી.

આ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા અન્ય દ્રવ્યના નિમિત્તે થતા વિકારપણે વ્યાપ્ત થવાને અસમર્થ છે. અન્ય દ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવો પોતાના સ્વભાવ વડે વ્યાપ્ત નહીં હોવાથી તેમને પરપણે જાણવા એ જ તેનો ત્યાગ છે.

એ રીતે જે પોતાને જાણે તે જાણનાર જ વિભાવ-વિકલ્પને ત્યાગે છે. જાણનારે પ્રથમ જાણ્યું કે રાગ-વિકલ્પ તે મારા સ્વભાવરૂપે વ્યાપનાર નથી, તેથી તેને પરરૂપે જાણીને, જાણનાર જ તેને ત્યાગે છે. એટલે કે તેનું લક્ષ છોડે છે. જાણનાર જ ત્યાગનાર છે. બીજો કોઈ ત્યાગનાર નથી.

જ્ઞાતા-દૃષ્ટાએ રાગપણે ન થવું એમ જાણીને, રાગના અભાવ સ્વભાવના કાળે એટલે કે જ્ઞાનમાં ઠર્યો તે કાળે રાગનો અભાવ છે તેથી રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે.

આત્માનું જ્ઞાન થયા બાદ વિકારી ભાવોનું પચખાણ-ત્યાગ શી રીતે થાય?—એવા પ્રતિબુદ્ધ-શિષ્યના પ્રશ્નના ઉત્તરરૂપે આ ગાથા ચાલે છે.

**નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;**
**થયા સિદ્ધ પરમાતમા, વંદુ તે જિનરાય. ૧. —શ્રી યોગસાર**

હું એક જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવી પ્રભુ છું. ને પરદ્રવ્યના નિમિત્તે થતા વિકારીભાવ તે પરભાવ છે, તેઓ મારા સ્વભાવપણે વ્યાપ્ત નહીં થતા હોવાથી તેઓ પર છે—એમ વિભાવને પરપણે પ્રથમ જાણે, પછી તે જ તેને ત્યાગે છે, જાણનાર જ તેને ત્યાગે છે, એટલે કે પરભાવના ગ્રહણનો અભાવ તે જ ત્યાગ છે.

જ્ઞાનનાં પહેલાં જાણ્યું કે રાગ છે તે સ્વભાવપણે નહીં થતા હોવાથી પરભાવ છે—એમ નિશ્ચય કરીને રાગને ત્યાગે છે. એટલે કે આવો નિશ્ચય કરીને સ્વરૂપમાં સ્થિરતાના કાળે વિભાવભાવો ઉત્પન્ન થતા નથી. તેને ઉપચારથી તેનો ત્યાગ કર્યો એમ કહેવાય છે જે રાગરૂપે પરિણમન થતું હતું તેનાથી ભિન્નતા કરીને જ્ઞાનમાં ઠરે છે ત્યારે રાગની ઉત્પત્તિ થઈ નહીં, તેને રાગનું પચખાણ કર્યું તેમ નામ માત્ર કથન છે.

રાગથી ભિન્નતા તો થઈ ગઈ છે, તેથી તેને એમ નિશ્ચય વર્તે છે કે તે મારા સ્વભાવે થઈ શકતા નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું. એ રીતે જ્ઞાનમાં સ્થિરતા થાય છે ત્યારે રાગની ઉત્પત્તિ જ થતી નથી ત્યારે કથનમાત્ર રાગનો ત્યાગ કહેવાય. પરમાર્થે રાગના ત્યાગનો કર્તા જીવ નથી.

જ્ઞાતા છું તેથી જ્ઞાતા રાગરૂપે થતો નથી ને રાગ જ્ઞાતારૂપે થતું નથી, એમ જાણનાર જ્ઞાયક રાગનો ત્યાગ કરે છે, એટલે કે જાણનાર જ્ઞાયક જ્ઞાનમાં ઠરે છે ત્યારે રાગ થતો જ નથી, તેથી આત્માએ રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર રાગનો ત્યાગ કરવાપણું રહ્યું નથી કારણ કે રાગ ઉત્પન્ન જ થતો નથી.

રાગથી જ્ઞાન હઠીને—ભિન્ન પડીને જ્ઞાનમાં ઠરે છે તે વખતે રાગ છે જ નહીં તો રાગનો ત્યાગ શી રીતે કરે? તેથી પરમાર્થથી જોતા રાગના ત્યાગકર્તાપણાનું નામ આત્માને નથી. એ રીતે સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે એમ જાણવું. (૩૪)

(ક્રમશઃ)

---

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ કેટલું!—એમ અંદરમાં દેખે—પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે. અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની—જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ (પોતામાં) નથી પરદ્રવ્ય પોતામાં નથી—એમ જાણી લ્યે છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

---

**ચાર ઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંતચતુષ્ટ;**
**તે જિનેશ્વર ચરણે નમી, કહું કાવ્ય સુઇષ્ટ. ૨. –શ્રી યોગસાર**



# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯

(ગાથા ૧૯)

આચાર્યશ્રી અમૃતચંદ્રસૂરિ કહે છે કે—

(માલિની)

उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै–
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव॥ (સમયસાર કલશ–૪)

નિશ્ચયનય અને વ્યવહારનયના વિષયને પરસ્પર વિરોધ છે, જિનવચનો સ્યાત્ અપેક્ષાથી જેમ છે તેમ વસ્તુસ્વરૂપ કહીને બે નયોનો વિરોધ મટાડી દે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાને આત્માને દ્રવ્યદૃષ્ટિથી ત્રિકાળ શુદ્ધ કહ્યો છે અને વર્તમાન પર્યાયને જોનારી અવસ્થાદૃષ્ટિથી વર્તમાન રાગાદિવાળો કહ્યો છે. આ રીતે 'રાગ છે' અને 'રાગ નથી' એવો વિરોધ સ્યાત્પદવડે એટલે કે અવસ્થામાં રાગ છે અને વસ્તુમાં રાગ નથી એવાં અપેક્ષાવચન વડે દૂર થાય છે. બે નયોના વિષયના પરસ્પર વિરોધને દૂર કરનારો બે અપેક્ષાઓનો ઉપદેશ ભગવાનની સ્યાદ્વાદવાણીમાં આવ્યો છે. સ્યાદ્વાદથી બે નયોમાં વિરોધ રહેતો નથી. તેથી નયોનું યથાર્થ જ્ઞાન એકાંત ભ્રાંતિને દૂર કરે છે. 'ત્રિકાળ સ્વભાવે શુદ્ધ' એમ કહેતાં જ વર્તમાન અપેક્ષાએ અશુદ્ધ—એમ અપેક્ષા આવી અને 'વર્તમાન અશુદ્ધ' એમ કહેતાં ત્રિકાળ શુદ્ધ એમ અપેક્ષા આવી—આ રીતે અપેક્ષાઓ વડે વસ્તુનું અનેકાંતસ્વરૂપ માનીને ભ્રાંતિને વમી નાંખે છે. વસ્તુ નિર્મળ છે એમ કહેતાં વર્તમાન અવસ્થાએ પણ નિર્મળ છું એમ એકાંત નિશ્ચય માની લ્યે અગર અવસ્થાથી અશુદ્ધ છે એમ કહેતાં વસ્તુ જ અશુદ્ધ થઈ ગઈ એમ એકાંત વ્યવહાર માની લ્યે તો તે એકાંત માન્યતારૂપ ભ્રાંતિને સ્યાદ્વાદદ્વારા અપેક્ષા સમજીને વમી નાંખે છે—નાશ કરે છે. જેમ વમન કરેલી ચીજને ફરી ગ્રહણ કરવા કોઈ ઇચ્છે નહિ તેમ, 'હું ત્રિકાળ શુદ્ધસ્વભાવી છું,

ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવી જીવ સંબોધવા, દોહા રચ્યા એક ચિત્ત. ૩. –શ્રી યોગસાર

અવસ્થાનો ક્ષણિક વિકાર છે તે મારું ત્રિકાળ સ્વરૂપ નથી' એમ સ્યાદ્વાદદ્વારા વસ્તુસ્વરૂપનું ભાન કરીને જેમણે મિથ્યાત્વ–ભ્રાંતિનું વમન કરી નાંખ્યું છે તેઓ ફરીને કદી મિથ્યાત્વરૂપ અજ્ઞાનભાવને ગ્રહણ કરતા નથી અને તુરત જ પરમ ચૈતન્યજ્યોતિરૂપ પ્રકાશમાન પોતાના શુદ્ધાત્માના પૂર્ણસ્વરૂપને અનુભવે છે. સાચી સમજણદ્વારા મિથ્યાત્વનું વમન કરતાં सपदि તે જ ક્ષણે–શીઘ્ર પોતાના આત્માને અનુભવે છે; તે આત્મા કેવો છે? તે પાછળની બે લીટીમાં કહે છે કે—

**सपदि समयसारं ते परं ज्योतिरुच्चैरनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव॥**

અવસ્થા તરફનું લક્ષ છોડીને અંતર વસ્તુસ્વભાવમાં લક્ષ કરતાં આત્માનો અનુભવ થાય છે, તે આત્મા કેવો છે? આત્મા નવીન ઉત્પન્ન થયો નથી, પરમાનંદ શાંતસ્વરૂપ છે, તે સ્વરૂપમાં રાગાદિ નથી. આવું જ્યારે વસ્તુનું ભાન થયું ત્યારે આત્માની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે; ત્યાં ખરેખર તો આત્મા નવો પ્રગટ્યો નથી, પણ જે હતો તેનું ભાન થયું છે, પ્રાપ્તની જ પ્રાપ્તિ છે, નવો પ્રગટ્યો નથી. વળી તે આત્મસ્વભાવ કોઈ એકાંત પક્ષથી ખંડિત થતો નથી; કોઈ એકાંત નયથી તે જણાતો નથી.

હવે ટીકાકાર પદ્મપ્રભમલદેવ જીવ–અધિકારમાં છેલ્લો કળશ કહે છે તેમાં કહે છે કે 'સજ્જનોને અન્ય કથનથી આ જગતમાં શું પ્રયોજન છે?'

(માલિની)

**अथ नययुगयुक्तिं लंघयन्तो न संतः**
**परमजिनपदाब्जद्वन्द्वमत्तद्विरेफाः।**
**सपदि समयसारं ते ध्रुवं प्राप्नुवन्ति**
**क्षितिषु परमतोक्ते किं फलं सज्जानानाम्॥३६॥**

જેમને અનંત ચતુષ્ટય પ્રગટ થયા છે એવા શ્રી જિનેન્દ્ર ભગવાનના ચરણકમળમાં જે જીવો મત્ત–(ભ્રમર સમાન લીન) થઈને રહે છે–એટલે, જેમ ભ્રમર કમળમાંથી બહાર આવે નહિ તેમ તેઓ બે નયોની યુક્તિને નહિ ઉલ્લંઘતા થકા મિથ્યાત્વને વમીને સ્વરૂપમાં એવા લીન થયા છે કે, તેમને અંતરસ્વરૂપની બહાર આવવું થતું નથી અર્થાત્ ફરીથી વચ્ચે મિથ્યાત્વ આવ્યા વગર તેઓ કેવળજ્ઞાન લ્યે છે.

**જીવ, કાળ, સંસાર આ, કહ્યા અનાદિ અનંત;**
**મિથ્યામતિ મોહે દુખી, કદી ન સુખ લહંત. ૪. –શ્રી યોગસાર**

હું આત્મા એકલો શુદ્ધ પરમાનંદસ્વરૂપ છું, કોઈ પરદ્રવ્ય મને રાગાદિ વિકાર કરાવતું નથી, તેમ જ મારા સ્વભાવમાં વિકાર નથી. અવસ્થામાં પુરુષાર્થની મોળપને લઈને વર્તમાન પૂરતા ક્ષણિક રાગાદિ થાય તે મારા સ્વભાવમાં નથી. આવા સ્વભાવના ભાનમાં સમ્યક્‌દૃષ્ટિવંત જીવો જિનેન્દ્રના ચરણકમળમાં અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં લીન થાય છે અને તુરત જ પોતાના ધ્રુવ સ્વરૂપને પ્રાપ્ત કરે છે—અનુભવ કરે છે; આવા નિત્ય પરમ શુદ્ધ ધ્રુવ આત્મસ્વભાવ સિવાય સજ્જનોને બીજા કયા ફળનું પ્રયોજન છે ?

આત્માના સ્વભાવમાં રાગદ્વેષ નથી, કોઈ પરદ્રવ્ય રાગાદિનું કારણ નથી. 'દેવ-ગુરુને જોઈને મને શુભરાગ થાય છે' અથવા તો 'સ્ત્રી-પુત્રને જોઈને અશુભરાગ થાય છે' એમ જે પરને રાગનું કારણ માને છે તે બંને ખોટા છે. રાગનું કારણ પરને માને તો દૃષ્ટિ ખોટી અને અવસ્થામાં થતા રાગને વસ્તુનું સ્વરૂપ માને તોપણ દૃષ્ટિ ખોટી છે. પર કોઈ રાગનું કારણ નથી, તેમ જ સ્વભાવ પણ રાગનું કારણ નથી, માત્ર એક સમય પૂરતી અવસ્થામાં સ્વનું લક્ષ ચૂકીને પર લક્ષે રાગદ્વેષ થાય છે—તે ત્રિકાળી વસ્તુના લક્ષે ટળે છે.

જે જીવે પરદ્રવ્યને રાગનું કારણ માન્યું તે જીવના અભિપ્રાયમાં ત્રિકાળ અનંત રાગ આવ્યો; કેમકે પરવસ્તુઓ તો અનંત છે અને ત્રિકાળ છે, તે પરવસ્તુને જો રાગનું કારણ માને તો અનંત પરવસ્તુને દેખીને અનંત રાગ થાય—એમ તે માન્યતામાં આવ્યું. પરવસ્તુ મને રાગ કરાવે એમાં તો "અનંત પરને જાણતાં અનંત રાગ કરવાનો જીવનો સ્વભાવ છે" એમ માન્યું, એટલે અનંતા રાગ-દ્વેષના નિમિત્ત મળતાં અનંતા રાગદ્વેષ થાય એમ તે ઊંધી માન્યતામાં અનંતાનુબંધી રાગ આવ્યો, તેથી પરને રાગાદિનું કારણ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. અને જે જીવો પરદ્રવ્યના કારણે રાગાદિ માનતા નથી તેમ જ પોતાના સ્વભાવમાં રાગાદિ નથી એમ જાણે છે તેમના અભિપ્રાયમાં જરાપણ રાગ રહ્યો નહિ—તે જીવો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે; તેઓ એમ માને છે કે મારી ભૂમિકાની કચાશના કારણે ફક્ત વર્તમાન અવસ્થામાં રાગ છે તે મારા ત્રિકાળ સ્વભાવમાં નથી, તેમ જ પરદ્રવ્ય મને રાગ કરાવતાં નથી; આ માન્યતામાં પોતાના પુરુષાર્થની સ્વતંત્રતા રાખી; પણ પર મને રાગ કરાવે તે માન્યતામાં પોતાના પુરુષાર્થની સ્વતંત્રતા રહી નહિ.

(ક્રમશઃ) ❋

---

**ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;**
**શુદ્ધાતમચિંતન કરી, લે શિવસુખનો લાભ. ૫. –શ્રી યોગસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, જીવને દેહથી ભિન્ન જાણવાનું લક્ષણ દર્શાવે છે :—

**देहमिलिदो वि पिच्छदि देहमिलिदो वि णिसुण्णदे सद्दं ।**
**देहमिलिदो वि भुंजदि देहमिलिदो वि गच्छेदि ।।१८६।।**

અર્થ :—જીવ દેહથી મળ્યો થકો જ નેત્રોથી પદાર્થોને દેખે છે, દેહથી મળ્યો થકો જ કાનોથી શબ્દોને સાંભળે છે, દેહથી મળ્યો થકો જ મુખથી ખાય છે, જીભથી સ્વાદ લે છે તથા દેહથી મળ્યો થકો જ પગથી ગમન કરે છે.

ભાવાર્થ :—દેહમાં જીવ ન હોય તો જડરૂપ એવા માત્ર દેહને જ દેખવું, સ્વાદ લેવો, સાંભળવું અને ગમન કરવું ઈત્યાદિ ક્રિયાઓ ન હોય; તેથી જાણવામાં આવે છે કે દેહમાં (દેહથી) જુદો જીવ છે અને તે જ આ ક્રિયાઓ કરે છે.

જુઓ, અહીં આંખથી દેખાય છે–એ સિદ્ધ નથી કરવું પરંતુ આંખ તો નિમિત્ત છે, તે આંખથી ભિન્ન અંદર જાણવાવાળો જીવ જુદો છે, તેને સિદ્ધ કરવો છે. આ જીવનું લક્ષણ જાણવું-દેખવું છે, આમ બતાવીને અહીં જીવને દેહથી ભિન્ન સિદ્ધ કરવો છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોનું જ્ઞાન કરવાવાળો જીવ છે.

જીવ મુખ વડે ખાય છે, જીભ વડે સ્વાદ લે છે, નાકથી સૂંઘે છે અને કાન વડે સાંભળે છે–આ બધા કથનો નિમિત્તના ઉપચારથી છે. આની પાછળ જ્ઞાન વ્યવસ્થિત કાર્ય કરી રહ્યું છે–આ સિદ્ધ કરવું છે. જીવ, પગ વડે ચાલે છે એનો અર્થ એ છે કે ચાલવાની ક્રિયા વખતે જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે. પરંતુ જ્ઞાનને કોઈ પગ નથી કે ચાલવાનું કાર્ય કરે. પગ તો જડ છે. ચાલતા-ચાલતા વચ્ચે ખાડો આવી જાય તો તેમાં પડતો નથી પરંતુ બાજુમાં ચાલે છે તો ત્યાં દેહની ચાલવાની ક્રિયા દેહના કારણે થઈ પરંતુ આ બાજુ ચાલવાનું નથી અને આ બાજુ ચાલવાનું છે–એવું જ્ઞાન કોણે કર્યું ? તે જ્ઞાન કરવાવાળો જીવ છે–એમ અહીં બતાવવું છે. દેહની ક્રિયા તો અજીવની છે.

तनता मनता वचनता, जड़ता जड़ सममेल।
लघुता गुरुता गमनता, ये जीव के खेल।।

**ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;**
**થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મ સ્વરૂપ. ૬. –શ્રી યોગસાર**

ચાલવું, બોલવું, ખાવું ઇત્યાદિ બધી ક્રિયાઓ અજીવની છે. જીવ તેનો જાણવાવાળો છે પરંતુ તેનો કરવાવાળો નથી. જીવ કેવો છે ? તો કહે છે કે—

समता-रमता ऊर्ध्वता, ज्ञायकता सुखभास।
वेदकता चेतन्यता, ये सब जीवविलास॥

આ પ્રમાણે જીવ અને દેહ બંને ભિન્ન-ભિન્ન પદાર્થ જ છે.

કહેવાનો મતલબ એ છે કે જો જીવ દેહમાં ન હોય તો જડરૂપ દેહમાં જોવાની, જાણવાની, સ્વાદ લેવાની, સાંભળવાની અને ગમન કરવા આદિ ક્રિયાઓ થતી નથી, માટે જાણવામાં આવે છે કે જીવ, દેહમાં છે પરંતુ દેહથી ભિન્ન છે અને તે જ આ ક્રિયાઓ કરે છે.

જુઓ, આ તો સંયોગનું કથન છે, જીવને સિદ્ધ કરવા માટે નિમિત્તથી કથન છે. જો જીવ ન હોય તો દેહમાં કોઈ જાણવાની ક્રિયા થતી નથી. જાણવાની ક્રિયા જીવમાં થાય છે. જડની ક્રિયા જીવથી થતી નથી, જીવના અસ્તિત્વમાં જીવનું કાર્ય થાય છે. પરંતુ કોઈ જીવના અસ્તિત્વમાં જડનું કાર્ય નથી થતું. જડનું કાર્ય જડના જ અસ્તિત્વમાં થાય છે. અજ્ઞાનીજન જીવ અને જડને ભિન્ન નહીં જાણતા થકા એક જ માને છે માટે જાણે કે જીવ અને જડ બંને સાથે મળીને જ કામ કરતા હોય—એમ તેઓ માને છે. તે અજ્ઞાની જીવ કહે છે કે શું જીવ વગર ભાષા બોલી શકાય છે ? શું આંખ વગર જોઈ શકાય છે ?

પરંતુ ભાઈ ! બોલવું એ જડની ક્રિયા છે કે જીવની ? બોલવું એ જડની ક્રિયા છે, તે જડના અસ્તિત્વમાં થાય છે. જીવ બોલતો નથી અને જાણવું તે ક્રિયા જીવની છે કે જડની ? આંખ તો જડ છે, તેમાં જાણવાની ક્રિયા થતી નથી. જાણવાની ક્રિયા તો જીવના જ અસ્તિત્વમાં થાય છે. આ પ્રમાણે જીવ અને જડ બંનેની ક્રિયાઓમાં ભિન્નતા છે. જેને આ ભિન્નતાનું ભાન નથી તેને ધર્મ થતો નથી.

હવે એ પ્રમાણે જીવને (દેહથી) મળેલો જ માનવાવાળા લોકો તેના ભેદને જાણતા નથી એમ કહે છે :—

**राओ हं भिच्चो हं सिट्ठी हुं चेव दुब्बलो बलिओ।**
**इदि एयत्ताविट्ठो दोह्णं भेयं ण बुज्झेदि ॥१८७॥**

**મિથ્યામતિથી મોહી જન, જાણે નહિ પરમાત્મા;**
**તે બહિરાતમ જિન કહે, તે ભમતો સંસાર. ૭. –શ્રી યોગસાર**

અર્થ :—દેહ અને જીવના એકપણાની માન્યતા સહિત લોકો છે તે આ પ્રમાણે માને છે કે—હું રાજા છું, હું નોકર છું, હું શેઠ છું, હું દરિદ્ર છું, હું દુર્બળ છું, હું બળવાન છું. એ પ્રમાણે માનતા થકા દેહ અને જીવ બંનેના તફાવતને જાણતા નથી.

જેમને દેહ અને આત્મા અલગ છે તેમ ભાન નથી તે બંનેને એક જ માને છે. એવા અજ્ઞાની જીવોની માન્યતાને અહીં બતાવે છે.

હું રાજા છું એ પ્રમાણે અજ્ઞાની જીવ દેહ સાથે એકત્વબુદ્ધિથી માને છે. પણ દેહ તો જડ છે અને હું જાણવા-દેખવાવાળો આત્મા છું—એમ ભિન્નપણું તે જાણતો નથી. જગતના પદાર્થ સત્ છે તેના ઉપર મારો અધિકાર નથી—આ વાત અજ્ઞાની નથી જાણતા. અજ્ઞાની પોતાને રાજા માનીને અભિમાન કરે છે. અથવા નોકર હોય તો તેને ગરીબ જાણે છે પરંતુ ધર્મી જીવ જાણે છે કે દેહાદિનો સંયોગ હું નથી. ધનવાનપણું એ મારી મોટાઈ નથી અને નિર્ધનતા એ મારી દીનતા નથી. હું તો ચૈતન્ય બાદશાહ છું. બાહ્ય સંયોગ-વિયોગ હું નથી. આ પ્રમાણે ધર્મી જીવ દેહ અને આત્માને ભિન્ન-ભિન્ન જાણે છે. તેને રાગ-દ્વેષની મંદતા હોય છે. રાગ-દ્વેષ પોતાની અસ્થિરતાને કારણે થાય છે. તેને દેહ અને આત્માની એકત્વબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ થતા નથી.

આત્મા તો જ્ઞાન છે, તે શરીર, લક્ષ્મી આદિને જાણવાવાળો છે. શરીર પુષ્ટ થાય કે કમજોર થાય, લક્ષ્મીનો સંયોગ હોય અથવા ન હોય—એ બધાનો જીવ તો જાણવાવાળો છે. પણ તેને જાણતા હું કમજોર છું, હું બળવાન છું, હું ધનવાન છું અને હું નિર્ધન છું—એમ અજ્ઞાની જીવ માને છે. ધર્મી જીવને એવી દેહબુદ્ધિ હોતી નથી, તે ધર્મી જીવ બાર ભાવનાઓનું સાચી રીતે ચિંતવન કરે છે. પોતાને શરીરથી ભિન્ન ચૈતન્યનું ભાન થયું છે અને પરજીવોને કેવી મિથ્યાબુદ્ધિ છે તેનો વિચાર કરે છે. જેને ચૈતન્યનું ભાન નથી, તેને નિર્ધનતામાં દીનપણું લાગે છે, શરીર કુરૂપ હોય, અવાજ સુંદર ન હોય તો દીનપણું લાગે છે. પરંતુ ભાઈ આ બધી તો જડની અવસ્થાઓ છે. તું તો તેનાથી ભિન્ન ચૈતન્યમૂર્તિ બધાનો જ્ઞાતા છો—એમ ભાન કરીને પરનું અભિમાન છોડી દે તો રાગ-દ્વેષ રહિત શાંતિ પ્રગટ થઈને ધર્મ થાય છે. તેનાથી વિશેષ કોઈપણ દયા, દાન, વ્રત, પૂજાના શુભભાવ કરે તો પણ તેને ધર્મ થતો નથી અને તેના સંસાર પરિભ્રમણનો અભાવ પણ થતો નથી.

આત્મામાં અનંતબળ છે પરંતુ એવું બળ નથી કે તે પરનું કાર્ય કરી શકે. પોતામાં અનંતબળ છે તે પોતે પુરુષાર્થ દ્વારા સવળું અથવા અવળું કરી શકે છે. સીધો પુરુષાર્થ કરીને ક્ષણમાં કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટ કરે એવું આત્માનું સામર્થ્ય છે. પરંતુ એક રજકણની અવસ્થા બદલી શકે—એવી કોઈ તાકાત આત્મામાં નથી. (ક્રમશઃ)

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

योग्योपादानयोगेन दृषदः स्वर्णता मता ।
द्रव्यादि-स्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता ।।२।।
યોગ્ય ઉપાદાને કરી, પત્થર સોનું થાય,
તેમ સુદ્રવ્યાદિ કરી, જીવ શુદ્ધ થઈ જાય. ૨.

જેમાંથી સોનું જુદું પડે એવા સુવર્ણ પાષાણનો દાખલો લીધો છે. જેમાંથી સોનું જુદું ન પડે એવા સુવર્ણ પાષાણનો દાખલો નથી લીધો, કેમકે અભવિની વાત નથી લેવી, ભવિ જીવની વાત લેવી છે. જેમાંથી સુવર્ણ જુદું પડે છે એવા સુવર્ણપાષાણમાં સોનું પણ છે અને માટી પણ છે તે અગ્નિના નિમિત્તથી સાચું સુવર્ણ થઈ જાય છે, પોતે જ ઉપાદાનથી સુવર્ણ થઈ જાય છે. સોનું પોતે જ પોતાથી સોળવલું થઈ જાય છે, અગ્નિ તો નિમિત્ત છે.

પંચાસ્તિકાયમાં આવે છે કે સોનું પોતે જ શુદ્ધ થતું થતું સોળવલું થવાને લાયક છે માટે થઈ જાય છે. અગ્નિ તો નિમિત્ત છે, પોતે જ સોળવલું થઈ જાય છે. આંધળા પાષાણમાંથી સોનું ન નીકળે, સુવર્ણપાષાણમાંથી સોનું પોતે જ પરિણમતાં પરિણમતાં સોળવલું સોનું થઈ જાય છે. એમ ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતાથી, પોતાના પુરુષાર્થથી શુદ્ધ ઉપાદાનથી પોતાની શુદ્ધતાને પામે છે.

યોગ્ય ઉપાદાન શબ્દ વાપર્યો છે. સમયે સમયે પર્યાય પ્રગટવાની શક્તિ એની પોતાની છે. સોનાની વર્તમાન સોનાપણે પ્રગટવાની સમયે સમયે યોગ્ય ઉપાદાનની એની તાકાત છે. તેમાંથી સોનું પ્રગટ થાય છે. જેમ પાષાણ વિશેષ એટલે કે સુવર્ણપાષાણ પોતે જ પોતાની યોગ્યતાથી બે આની, ત્રણ આની, ચાર આની એમ પરિણમતાં પરિણમતાં સોળવળાપણે પરિણમી જાય છે, ત્યારે બહારથી અગ્નિ આદિને નિમિત્ત કહેવામાં આવે છે. જો અગ્નિથી સુવર્ણ થતું હોય તો પથ્થરમાંથી સોનું થઈ જવું જોઈએ ને! એમ આત્મામાં યોગ્ય ઉપાદાનથી સમય સમયની શ્રદ્ધા-જ્ઞાન આદિ શક્તિ પ્રગટ થવાની પોતાની શુદ્ધતાની લાયકાત છે. એ પોતાની શુદ્ધતાથી પૂરણ શુદ્ધાત્માને પામે છે.

આ ઈષ્ટોપદેશ, આ હિતકારી ઉપદેશ પૂજ્યપાદસ્વામીના મુખમાંથી નીકળેલી વાણી છે. સોનું પોતાના યોગ્ય ઉપાદાનથી—નિમિત્ત ભલે હો પણ પોતાના યોગ્ય

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. ૮. –શ્રી યોગસાર

ઉપાદાનથી શુદ્ધ સુવર્ણપણાને પામે છે. તેવી રીતે પોતાનો ભાવ અને બહારમાં ક્ષેત્ર, દ્રવ્ય આદિ નિમિત્ત મળવાથી આ આત્મા અલ્પજ્ઞતામાંથી પોતાના અંતર શુદ્ધ ઉપાદાનથી ચૈતન્યસ્વરૂપપણે પૂરણપણે પરિણમી જાય છે. પોતાને પામવાની લાયકાત હોય તો એને યોગ્ય એવા બાહ્ય નિમિત્ત હોય; કેવળજ્ઞાન પામવાની યોગ્યતા હોય તો સંઘેણ ને મનુષ્યદેહ આદિ નિમિત્ત હોય જ.

સુવર્ણપાષાણની જેમ સુદ્રવ્ય, સુક્ષેત્ર આદિ સામગ્રી મળવાથી, અંદરમાં ભાવની સામગ્રી પર્યાયમાં મળે છે ને બહારમાં દ્રવ્ય આદિ નિમિત્ત હોય જ છે ત્યારે ચૈતન્યસ્વરૂપ આત્મા થઈ જાય છે. એકલા જ્ઞાન, દર્શન, આનંદ આદિ પૂરણ તેને ચૈતન્યસ્વરૂપ આત્મા કહેવામાં આવે છે. એ પોતાના ઉપાદાનકારણથી ચૈતન્યસ્વરૂપ થયો છે. નિમિત્ત છે ખરું, પણ નિમિત્તથી કાંઈ થતું નથી. પોતાના પુરુષાર્થની ભાવસામગ્રી મળવાથી જીવ પણ ચૈતન્યસ્વરૂપ આત્મા થઈ જાય છે. અલ્પજ્ઞ, અલ્પદર્શી એ કાંઈ ચૈતન્યસ્વરૂપ આત્મા નથી. એ તો હીણો આત્મા છે, વ્યવહારી આત્મા છે. પોતાના શુદ્ધ ઉપાદાનની અંદરની જાગૃતિથી પૂરણ ચૈતન્યસ્વરૂપની અભિવ્યક્તિ થઈ જાય છે એવા પરમાત્માને સોનાનો દાખલો લાગુ પડે છે.

કાર્ય થાય તેમાં ધ્રુવ ઉપાદાન છે એમ અહીં વાત નથી. કાર્ય ઉત્પાદન સમર્થ ઉત્પાદનકારણ મળવાથી સુવર્ણપાષાણ જેમ સોનું બની જાય છે તેમ પોતાનો ભાવ, પોતાના અસંખ્ય પ્રદેશ, પોતાનું દ્રવ્ય અને કાળ, પોતાની પર્યાય તથા નિમિત્ત તરીકે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ મળવાથી સંસારી આત્મા નિશ્ચય ચૈતન્યસ્વરૂપ થઈ જય છે. બીજા શબ્દોમાં સંસારી પ્રાણી જીવાત્મામાંથી પરમાત્મા થઈ જાય છે,—એમ શિષ્યને દૃષ્ટાંતપૂર્વક ઉત્તર કહ્યો. (ક્રમશઃ)

---

ત્રણે કાળ ને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. 'આવો છું' એવી દૃષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ બધા જીવો છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે. આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન-વચન-કાયાથી ને કૃત-કારિત-અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે અંતર પાડ્યા વિના આ ભાવના કરવાલાયક કર્તવ્ય છે કે સમસ્ત જીવ આવા (પરમાત્મસ્વરૂપ) જ છે એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

**નિર્મળ, નિષ્કલ, જિનેન્દ્ર, શિવ, સિદ્ધ, વિષ્ણુ, બુદ્ધ, શાંત;**
**તે પરમાત્મા જિન કહે, જાણો થઈ નિર્ભ્રાન્ત. ૯. –શ્રી યોગસાર**

## જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો?

### દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે

ગુણ-પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. આત્મદ્રવ્ય પોતાના સ્વભાવથી ટકેલું છે પણ રાગને લીધે તે ટકેલું નથી. આત્માના સ્વરૂપમાં રાગ નથી તેમ જ રાગ વડે આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

ત્રિકાળી દ્રવ્યસ્વરૂપને સ્વીકાર્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ; કેમ કે પર્યાય તો એક સમય પૂરતી જ છે, બીજા સમયે તો તેની નાસ્તિ થઈ જાય છે, તેથી પર્યાયના લક્ષે એકાગ્રતા કે સમ્યગ્દર્શન થઈ શકતું નથી. કેવળજ્ઞાન પણ એક સમય પૂરતી પર્યાય છે, પરંતુ એવી અનંત અનંત પર્યાયોને અભેદપણે સંઘરીને દ્રવ્ય પડ્યું છે, અર્થાત્ અનંતી કેવળજ્ઞાન પર્યાયો પ્રગટવાની શક્તિ દ્રવ્યમાં છે. માટે કેવળજ્ઞાનના માહાત્મ્ય કરતાં દ્રવ્યસ્વભાવનું માહાત્મ્ય અનંતુ છે. આ સમજવાનું પ્રયોજન એ છે કે પર્યાયમાં એકત્વબુદ્ધિ છોડીને દ્રવ્યસ્વભાવમાં એકત્વબુદ્ધિ કરવી; એકત્વબુદ્ધિ એટલે 'આ જ હું' એવી માન્યતા. પર્યાયના લક્ષે 'આ જ હું' એમ પર્યાય જેટલો જ પોતાને ન માનતાં, ત્રિકાળી દ્રવ્યના લક્ષે 'આ જ હું' એમ દ્રવ્યસ્વભાવની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. કેવળજ્ઞાનાદિ કોઈપણ પર્યાય એક સમય પૂરતી અસ્તિરૂપે છે, બીજા સમયે તો તેની નાસ્તિ થઈ જાય છે. માટે પર્યાય જેટલો આત્માને માનવાથી સમ્યગ્દર્શન થતું નથી. અને જે દ્રવ્યસ્વભાવ છે તે તો ત્રિકાળ એકરૂપ સત્ અસ્તિરૂપે છે. કેવળજ્ઞાન પ્રગટ હો કે ન હો તેની પણ જેને અપેક્ષા નથી, એવા તે સ્વભાવને માનવાથી જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

એક અવસ્થામાંથી બીજી અવસ્થા આવતી નથી, પણ દ્રવ્યમાંથી જ આવે છે અર્થાત્ એક પર્યાય પોતે બીજી પર્યાયરૂપે પરિણમતી નથી પણ ક્રમબદ્ધ એક પછી એક પર્યાયરૂપે દ્રવ્યનું જ પરિણમન થાય છે. તેથી પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ શુદ્ધતા પ્રગટે છે.

પર્યાય ખંડ-ખંડરૂપ છે, તે સદાય એક સરખી રહેતી નથી, અને દ્રવ્ય અખંડરૂપ છે, તે સદાય એકસરખું રહે છે. માટે દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધતા પ્રગટે છે.

**દેહાદિક જે પર કહ્યાં, તે માને નિજરૂપ;**
**તે બહિરાતમ જિન કહે, ભમતો બહુ ભવકૂપ. ૧૦. –શ્રી યોગસાર**

પર્યાય ક્ષણિક છે, દ્રવ્ય ત્રિકાળ છે. ત્રિકાળીના જ લક્ષે એકાગ્રતા થઈ શકે છે અને ધર્મ પ્રગટે છે, પણ ક્ષણિકના લક્ષે એકાગ્રતા થતી નથી, તેમ જ ધર્મ પ્રગટતો નથી.

પર્યાય ક્રમવર્તીસ્વભાવવાળી હોવાથી એક સમયે એક જ હોય છે અને દ્રવ્ય તો અક્રમવર્તીસ્વભાવવાળું અનંત પર્યાયોનો અભેદ પિંડ છે, તે દરેક સમયે પૂરેપૂરું છે; છદ્મસ્થને વર્તમાન પર્યાય અપૂર્ણ છે અને દ્રવ્ય પૂરું છે; તેથી પરિપૂર્ણતાના લક્ષે જ સમ્યગ્દર્શન અને વીતરાગતા પ્રગટે છે પણ અપૂર્ણતાના લક્ષે સમ્યગ્દર્શન કે વીતરાગતા પ્રગટતાં નથી, પરંતુ ઊલટો રાગ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન પછી પણ જીવને પરિપૂર્ણ સ્વભાવના આશ્રયે જ ક્રમે ક્રમે ચારિત્ર, વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટે છે.

મુમુક્ષુઓએ ઉપર પ્રમાણે દ્રવ્ય અને પર્યાયનું યથાર્થ જ્ઞાન કરીને, ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તરફ રુચિ (ઉપાદેયબુદ્ધિ) કરીને ત્યાં જ એકતા કરવી યોગ્ય છે, અને પર્યાયબુદ્ધિ છોડવી યોગ્ય છે. આ જ ધર્મનો ઉપાય છે.

જેને પર્યાયદૃષ્ટિ હોય તે જીવ રાગને પોતાનું કર્તવ્ય માને જ અને રાગથી ધર્મ માને જ, કેમ કે પર્યાયદૃષ્ટિમાં તો રાગની જ ઉત્પત્તિ છે; અને રાગનો સંબંધ પરદ્રવ્યો સાથે જ હોવાથી, પર્યાયદૃષ્ટિવાળો જીવ પરદ્રવ્યોના લક્ષે પરદ્રવ્યોનો પણ કર્તા પોતાને માને છે, આનું જ નામ મિથ્યાત્વ છે, આ જ અધર્મ છે. આ રીતે પર્યાયબુદ્ધિ તે મિથ્યાદૃષ્ટિ છે.

પણ જેને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ છે તે જીવ કદી રાગને પોતાનું કર્તવ્ય માને જ નહિ અને તેમાં ધર્મ માને જ નહિ, કેમ કે સ્વભાવમાં રાગનો અભાવ જ છે. પર્યાયના રાગનું કર્તાપણું પણ જે ન માને તે પરદ્રવ્યનું તો કર્તાપણું માને જ કેમ? એટલે તેને પરથી અને રાગથી ભિન્ન સ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાન અને વીતરાગતાની જ ઉત્પત્તિ થયા કરે.—આનું જ નામ સમ્યગ્દૃષ્ટિ છે, અને આ જ ધર્મ છે. આ રીતે દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.

માટે બધાય આત્માર્થી જીવોએ સત્સમાગમે અધ્યાત્મતત્ત્વના અભ્યાસ વડે દ્રવ્યદૃષ્ટિ કરવી, એ જ પ્રયોજનભૂત છે. દ્રવ્યદૃષ્ટિ કહો કે શુદ્ધનયનું અવલંબન કહો, નિશ્ચયનયનો આશ્રય કહો—એ પરમાર્થે એક જ છે.

**દેહાદિક જે પર કહ્યાં, તે નિજરૂપ ન થાય;**
**એમ જાણીને જીવ તું, નિજરૂપને નિજ જાણ. ૧૧. –શ્રી યોગસાર**

## ધર્મની પહેલી ભૂમિકા (૧)

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

### (૧) મિથ્યાત્વનો અર્થ

આત્માની સાચી ઓળખાણ વડે મિથ્યાત્વને ટાળ્યા વગર કદી કોઈ જીવને ધર્મની શરૂઆત થઈ શકે નહીં.

પ્રથમ આપણે મિથ્યાત્વ એટલે શું અને મિથ્યાત્વ કોને કહેવાય, તેનું વાસ્તવિક લક્ષણ (ચિહ્ન) શું છે તે વિચારીએ.

મિથ્યાત્વ એટલે કે ખોટાપણું, ફોગટપણું, જુઠાપણું, ઊંધાપણું, વિપરીતપણું આદિ અનેક મિથ્યાત્વના અર્થો થાય છે. અહીં જીવમાં પોતામાં મિથ્યાપણું–ઉંધાપણું શું છે તે જોવાનું છે. કારણ કે જીવને અનાદિકાળથી દુઃખ થયા કરે છે અને તેને અનાદિથી મટાડવાનો પ્રયત્ન પણ તે કરે છે, પણ તે મટતું કે ઓછું થતું નથી. વળી તે દુઃખ સમયે-સમયે અનંતુ છે અને અનેક પ્રકારનું છે. પૂર્વના પુણ્યના યોગે કોઈ એક સામગ્રીનો સંયોગ થતાં કોઈ એક પ્રકારનું દુઃખ ઓછું થયું હોય એમ તેને લાગે છે. પણ વાસ્તવિક રીતે જોઈએ તો ખરેખર તેને દુઃખ ઓછું થયું નથી કારણ કે જ્યાં એક પ્રકારનું દુઃખ ગયું ન હોય ત્યાં તો બીજા દુઃખની લાળ થયા જ કરે છે.

હવે મૂળભૂત ભૂલ વગર અનંત દુઃખ હોય નહિ, દુઃખ છે તેથી ભૂલ પણ છે જ અને તે ભૂલ જ આ મહાદુઃખનું કારણ છે. વળી જો તે ભૂલ નાની હોય તો દુઃખ થોડું અને અલ્પકાળનું હોય, પણ મોટી ભૂલ છે તેથી દુઃખ મોટું અને અનાદિનું છે. હવે દુઃખ તો અનાદિકાળનું છે ને અનંતું છે માટે એમ નક્કી થયું કે મિથ્યાત્વ એટલે કે જીવ સંબંધીની ઊંધી સમજણરૂપ ભૂલ મોટામાં મોટી અને અનંતી છે. કેમકે જો ભયંકર ભૂલ ન હોય તો ભયંકર દુઃખ ન હોય. મહાન ભૂલનું ફળ તે મહાન દુઃખ છે. માટે મહાન દુઃખ ટાળવાનો સાચો ઉપાય મહાન ભૂલ ટાળવી એ છે. એટલે આત્માની સાચી સમજણ એ જ દુઃખ ટાળવાનો ઉપાય છે. (ક્રમશઃ)

*

**નિજને જાણે નિજરૂપ, તો પોતે શિવ થાય;**
**પરરૂપ માને આત્માને, તો ભવભ્રમણ ન જાય. ૧૨. –શ્રી યોગસાર**

# દીર્ઘસૂત્રી મનુષ્ય આત્મહિતને ચૂકી જાય છે

દીર્ઘસૂત્રી મનુષ્યો બાહ્ય વિષયોના અનેક પ્રકારે સંકલ્પ-વિકલ્પો કર્યા કરે છે, ને પ્રમાદથી આત્મહિતને ચૂકી જાય છે. પદ્મપુરાણમાં ભામંડલની મનોવૃત્તિ તેનું ઉદાહરણ છે. તે ભામંડલ રાજા એમ વિચારે છે કે—મેં આ શરીરને સુખેથી પાળ્યું છે તેથી હજી થોડા દિવસ રાજ્યસુખ ભોગવી લઉં, કલ્યાણના કારણરૂપ એવી ચારિત્રદશાને પછી ધારણ કરીશ. આ કામ ભોગ છોડવા કઠણ છે, તેનાથી મને જે પાપ બંધાશે તેને હું પછી ધ્યાન અગ્નિવડે પળવારમાં ભસ્મ કરી નાંખીશ.—એ પ્રકારના મનોરથ ઘડતાં-ઘડતાં તે ભામંડલે સેંકડો વર્ષો વિષયભોગોમાં વીતાવી દીધા...પરંતુ આયુષ્યનો અંત નજીક આવે છે—એનો વિચાર ન કર્યો. આત્મહિત પછી કરીશ પછી કરીશ એમ કરતાં, અંતે એકાએક વીજળી પડવાથી તે સાતખંડા મહેલમાં સૂતાસૂતા જ મરણ પામ્યો...પ્રમાદને કારણે આત્મહિત સાધી ન શક્યો.

આ રીતે દીર્ઘસૂત્રી મનુષ્ય બહારનાં અનેક વિકલ્પ કરે છે પરંતુ પોતાના આત્માના ઉદ્ધારનો ઉપાય નથી કરતો. વિષયતૃષ્ણા પાછળ દોડતો તે એકક્ષણ પણ ચેન પામતો નથી. માથે મૃત્યુ ભમી રહ્યું છે—તેનું તેને ભાન નથી. અરે ક્ષણભંગુર ઈન્દ્રિયવિષયોમાં લુબ્ધ થયેલો દુર્બુદ્ધિ જીવ આત્મહિત કરતો નથી, ને અનેકવિધ કલ્પનાઓ વડે ખરાબ કર્મોને બાંધે છે. ધન, યુવાની, જીવન—એ બધુંય અસ્થિર છે તેને અસ્થિર જાણી, ભિન્ન જાણી તેમાં સુખની કલ્પના છોડી, હે જીવ ! તું આત્મકલ્યાણ કર. જેથી તારો આત્મા ભવસાગરમાં ન ડૂબે. હથેલીમાં આવેલું આ મનુષ્યરત્ન તું નકામું ગુમાવીશ મા. સમસ્ત લૌકિક કાર્યોને નિરર્થક જાણી, દુઃખરૂપ ઈન્દ્રિયવિષયોને છોડી પરલોક સુધારવા માટે તું પરમ શ્રદ્ધાપૂર્વક જિનશાસનને સેવ ને આત્મહિત કર.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની દૃષ્ટિ શુભાશુભના કાળમાં પણ ધ્રુવ પર રહે છે કે ખસી જાય છે?

ઉત્તર :—દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવની દૃષ્ટિ સદાય ધ્રુવતળ ઉપર જ રહે છે. સ્વાનુભૂતિના કાળે—ધ્યાનમાં આનંદકાળે, વિકલ્પ છોડીને અનુભવકાળે અને શુભ-અશુભમાં ઉપયોગ હોય ત્યારે પણ દૃષ્ટિ તો ધ્રુવતળ ઉપર જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં ઊભા હોય છતાં એની દૃષ્ટિ તો અંદર ધ્રુવતળમાં જ રહે છે, વિકલ્પ ઉપર નથી. બાહુબલી સાથે ભરતને લડાઈ થઈ ને બન્ને ભાઈ સમ્યગ્દૃષ્ટિ હતાં છતાં લડાઈમાં ઉપયોગ હતો, છતાં તે કાળે પણ એમની દૃષ્ટિ ધ્રુવતળ ઉપરથી ખસતી નથી. દૃષ્ટિ તો સહજપણે ધ્રુવતળ ઉપર જ રહે છે. શુભાશુભના ઉપયોગ કાળે પણ દૃષ્ટિ ધ્રુવ ઉપરથી ખસતી નથી. શ્રેણિક રાજા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતાં, જેલમાં માથું ફોડીને મરે છે છતાં એ કાળે પણ ધ્રુવતળ ઉપરથી એની દૃષ્ટિ ખસતી નથી. દ્રવ્યદૃષ્ટિનો મહિમા અપાર ને અચિંત્ય છે.

પ્રશ્ન :—જ્ઞાનીને પણ શુભરાગ આવે છે, તો શું તે શુદ્ધાત્માને ભૂલી જાય છે?

ઉત્તર :—મુમુક્ષુજીવ શુભરાગમાં જોડાય છે પણ શુદ્ધાત્માની શોધક વૃત્તિ ન જાય. મુમુક્ષુજીવને દયા-દાન-પૂજા-ભક્તિ આદિના શુભભાવો આવે ખરા પણ એની વૃત્તિ ને વલણ શુદ્ધાત્મા તરફ રહ્યા કરે છે. શુભભાવમાં તલ્લીનતા ન થાય. જિનસ્વરૂપી ભગવાન આત્માની શોધક વૃત્તિ ન જાય. શુદ્ધાત્માનું ધ્યેય છોડીને શુભરાગનો આગ્રહ કરતો નથી. શુભરાગથી લાભ થશે એમ માનતો નથી અને પર્યાયની અશુદ્ધતા પણ ભૂલતો નથી, સ્વચ્છંદ કરતો નથી.

પ્રશ્ન :—શુભરાગને જ્ઞાની હેય માને છે તો ષોડશકારણભાવનાને તો ભાવે છે?

ઉત્તર :—જ્ઞાની ષોડશકારણભાવના ભાવતા નથી પણ તે પ્રકારનો રાગ આવી જાય છે. જ્ઞાનીને ભાવના તો સ્વરૂપમાં ઠરવાની જ હોય છે, પણ સ્વરૂપમાં ઠરી શકે નહિ

**વિણ ઇચ્છા શુચિ તપ કરે, જાણે નિજરૂપ આપ;**
**સત્વર પામે પરમપદ, તપે ન ફરી ભવતાપ. ૧૩. –શ્રી યોગસાર**

ત્યારે હેયબુદ્ધિએ શુભરાગ આવી જાય છે. જ્ઞાની તેના જાણનાર છે કર્તા નથી.

પ્રશ્ન :—જ્ઞાની પરવસ્તુ કે રાગમાં ફેરફાર કરવાની બુદ્ધિ રાખતા નથી—તે તો ઠીક; પરંતુ પોતાની નિર્મળ પર્યાયને કરવાની તો ઇચ્છા છે ને?

ઉત્તર :—પરવસ્તુને કે રાગને ફેરવવાનું તો જ્ઞાની માનતા નથી અને પોતાની નિર્મળ પર્યાય ફેરવવા ઉપર લક્ષ નથી; દ્રવ્યસ્વભાવની સન્મુખ થતાં પર્યાય નિર્મળપણે ફરી જાય છે. ધર્મી પરને—શરીરની ક્રિયાને ફેરવતો નથી, વિકલ્પને ફેરવતો નથી અને જે સમયે જે પર્યાય થાય છે તેને ફેરવવાની બુદ્ધિ નથી, એટલે કે તેને પર્યાય ઉપરની દૃષ્ટિ જ છૂટી ગઈ છે. ફક્ત વસ્તુસ્વભાવની સન્મુખ બુદ્ધિ થતાં રાગ ટળીને વીતરાગપણે પલટી જાય છે. કાંઈ પણ ફેરફાર કરવાનું નથી. વસ્તુસ્વભાવને જેમ છે તેમ રાખીને પોતે સ્વભાવદૃષ્ટિથી નિર્મળપણે પલટી જાય છે. આ સિવાય પદાર્થોમાં કે પોતાની અવસ્થામાં કાંઈ ફેરફાર કરવા માંગે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્ન :—ધર્મી સાધક જીવ રાગનો વેદક છે કે જ્ઞાતા છે?

ઉત્તર :—સાધક જીવનું જ્ઞાન રાગમાં જાય છે તે દુઃખને વેદે છે, જ્ઞાન જ્ઞાનમાં રહે છે તે સુખને વેદે છે.

પ્રશ્ન :—જ્ઞાનીને દુઃખ જણાય છે કે વેદાય પણ છે?

ઉત્તર :—જ્ઞાનીને દુઃખ જણાય છે ને વેદાય પણ છે. જેમ આનંદનું વેદન છે તેમ જેટલું દુઃખ છે એટલું દુઃખનું પણ વેદન છે.

પ્રશ્ન :—શું સમ્યગ્દૃષ્ટિ પણ સર્વજ્ઞની જેમ રાગને માત્ર જાણે જ છે?

ઉત્તર :—જે પ્રકારે સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે. લોકાલોકને સર્વજ્ઞ જાણે છે; તેવી રીતે જેણે સર્વજ્ઞસ્વભાવને દૃષ્ટિમાં લીધો છે—એવો સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞની સમાન રાગને જાણે જ છે. સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તે રીતે સમ્યગ્દૃષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દૃષ્ટિ રાગને કરતો નથી, પરંતુ લોકાલોકના જ્ઞાતા સર્વજ્ઞની જેમ તે રાગને જાણે જ છે આવી વસ્તુસ્થિતિ છે અને એવું જ અંદરથી આવે છે એને બેસે છે. આ વાત ત્રણકાળ ત્રણલોકમાં બદલાઈ જાય એમ નથી. અન્ય કોઈ પ્રકારથી પણ વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી. આ તો અંદરથી જ આવેલી વસ્તુ સ્થિતિ છે. *

**બંધ મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;**
**નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવે જાણ. ૧૪. –શ્રી યોગસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—દૃષ્ટિ, જ્ઞાન અને અંશે સ્વરૂપાચરણ ચારિત્ર એ બધું શું સાથે જ હોય છે?

સમાધાન :—દૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્ય છે. દૃષ્ટિ તેને ગ્રહણ કરે, જ્ઞાન બધું જાણે અને ચારિત્રમાં લીનતા થાય – આ બધું એકસાથે છે. વિશેષ ચારિત્ર ભલે પછી થાય; પણ શરૂમાં બધું સાથે જ પ્રગટે છે. દૃષ્ટિનો વિષય મુખ્ય હોય અને જ્ઞાન બધું જાણે અર્થાત્ ભેદજ્ઞાન કરે કે 'આ હું છું ને આ હું નથી'. 'સ્વ રૂપે છું, ને પર રૂપે નથી' એમ સ્વ-પરનો પ્રકાશ જ્ઞાન કરે. દૃષ્ટિ એક પોતાને—અખંડને ગ્રહણ કરે, જ્ઞાન બધાને જાણે અને સ્વરૂપાચરણ ચારિત્ર અંશે હોય—આમ બધું સાથે હોય છે.

પ્રશ્ન :—અંતર્મુખ વલણ થાય છે, પણ તે એક ધારાએ રહેતું નથી. છૂટી જાય છે, તો તેના માટે શું કરવું?

સમાધાન :—અનાદિનો એકત્વનો અભ્યાસ થઈ રહ્યો છે, એટલે આ મુશ્કેલ થઈ ગયું છે. સ્વથી એકત્વ ને પરથી વિભક્ત એવો પોતાનો સ્વભાવ સહજ છે તો પણ અનાદિનો અભ્યાસ—ટેવ થઈ ગઈ છે તેથી એકત્વ સહેજે થઈ જાય છે અને સ્વભાવમાં પ્રયત્ન કરે ત્યારે માંડ થાય છે. છતાં ભેદજ્ઞાનનો અભ્યાસ એમ ને એમ ચાલુ જ રાખે તો સહજ થાય. શરૂઆતમાં પ્રયત્ન કરી કરીને તે અભ્યાસ ચાલુ રાખે તો જ દૃઢ થાય.

મુમુક્ષુઃ—શરૂઆતમાં ભેદજ્ઞાનનો અભ્યાસ સહજ કેમ ચાલતો નથી?

બહેનશ્રીઃ—'હું જુદો છું' એમ સ્વભાવ ગ્રહણ કરીને અભ્યાસ ચાલુ રાખે તો પછી તેને સહજ થવાનો અવકાશ છે. આત્મા સહજ સ્વભાવે છે અને તેના જ્ઞાન-દર્શન-ચારિત્ર પણ સહજ છે – બધું સહજ છે, પણ તે તરફ પ્રયત્ન નથી વળતો તેથી મુશ્કેલી પડે છે. તેણે શરૂઆતમાં પ્રયત્ન કરી કરીને પોતા તરફ વળવું પડે છે, પછી તો તેનો સ્વભાવ સહજ છે. તેથી પોતા તરફ તેની પરિણતિ સહેજે આવે છે. પહેલાં પરિણતિને પ્રયત્ન કરી કરીને પોતા તરફ વાળવી પડે છે, કેમકે અનાદિનો અભ્યાસ છે.

પ્રશ્ન :—ઉપદેશ સાંભળીને વૃત્તિમાં મજબૂતી આવતી નથી તેનું કારણ શું?

સમાધાન :—મજબૂતી નહિ આવવાનું કારણ પોતે જ છે, બીજો નથી. પોતે મજબૂતી લાવે તો આવે. અનાદિના એના એ અભ્યાસમાં ચાલ્યો જાય છે ને સ્વરૂપ

દેખાતું નથી એટલે મજબૂતી આવતી નથી. પણ આત્માને લક્ષણથી ઓળખીને નક્કી કરવો જોઈએ. જે આત્મા સુખ-આનંદ ઈચ્છી રહ્યો છે તે પોતે સ્વયં સુખરૂપ છે. તે બહારથી સુખ ઈચ્છતો, સુખની-આનંદની ઝંખના કર્યા કરે છે; પણ સુખ બહારથી મળતું નથી અને આકુળતા આકુળતા રહ્યા કરે છે. સુખને ઈચ્છનારો પોતે જ સુખસ્વરૂપ છે. માટે બહારનો આશ્રય છૂટી જાય અને પોતે એકલો જ રહી જાય તો પોતામાંથી સુખ અને આનંદ પ્રગટે છે અને તે નિર્ણય પોતે કરે તો થાય છે.

પ્રશ્ન :—જે બહારનો સુધારો કરવા માંગે છે તેનું જ્ઞાન શું મિથ્યા કહેવાય?

સમાધાન :—જ્ઞાન મિથ્યા છે, કેમકે વિભાવ ભાવોને છોડવાનો માર્ગ તે સમજ્યો નથી. વિભાવ કઈ રીતે છૂટે તેનો સાચો ઉપાય તે નહિ જાણતો હોવાથી માત્ર બહારમાં જ સુધારો કરે છે. જે બહારનો સુધારો કર્યા કરે છે – બહારથી જ સુધારો કરવા માંગે છે તેનું જ્ઞાન સાચું નથી, તે માર્ગને ઓળખતો નથી. જેનું લક્ષ જ્ઞાયક ઉપર નથી એવા ઘણા જીવો માત્ર બહારથી જ સુધારો કર્યા કરે છે અર્થાત્ અશુભભાવનો સુધારો કર્યા કરે છે, પણ તે રીતે વિભાવ વાસ્તવિકપણે છૂટતા નથી. માટે તેનું જ્ઞાન સાચું નથી.

મુમુક્ષુઃ—બહારથી એટલે શુભનું અવલંબન લઈને?

બહેનશ્રીઃ—અજ્ઞાની જીવ બહારથી એટલે કે શુભનું અવલંબન લઈને અશુભને છોડવા માંગે છે; પણ સાચા માર્ગને તે જાણતો નથી, આત્મા તરફ તેની દ્રષ્ટિ નથી તેમ જ આત્માને લક્ષે વિભાવ છૂટે એવું કાંઈ ધ્યેય નથી. કષાયની મંદતા જીવે અનંતવાર કરી છે, મંદ કષાય કરીને અનંતવાર મુનિપણું લઈ લીધું છે – આમ બહારથી બધો સુધારો કર્યો છે, પણ તેનું જ્ઞાન સાચું નહિ હોવાથી તેને વાસ્તવિકપણે વિભાવ છૂટતો નથી. માત્ર તેને વૈરાગ્યથી બહારનું બધું છૂટી જાય છે, પણ ખરી રીતે અંતરમાંથી વિભાવ છૂટવો જોઈએ તે છૂટતો નથી કારણ કે તેનું જ્ઞાન સાચું નથી.

પ્રશ્ન :—હું કાંઈ ન કરું તો શું શૂન્ય ન થઈ જાઉં?

સમાધાન :—'હું કાંઈ નથી કરી શકતો, હું તો જાણનાર છું.'—એવી ઉદાસીનતા અને જ્ઞાયકની મહિમા જેને લાગે તે પોતે શ્રદ્ધા કરીને પરિણતિને કેળવે તો તેની સહજ દશા થાય. હું કાંઈ નથી કરી શકતો તો હું નકામો—શૂન્ય નિષ્ક્રિય થઈ જઈશ એવું અંદર લાગતું હોય તે ઉદાસીન રહી શકે નહીં. જેને પ્રવૃત્તિનો રસ હોય તેને એમ લાગે છે કે સિદ્ધભગવાનને કાંઈ કરવાનું નહિ? તેમ જ આ બધું છૂટી જશે તો શૂન્યતા તો નહિ આવી જાય ને? તેને અંદર સ્વભાવમાં બધું ભર્યું છે એવી મહિમા—શ્રદ્ધા અંદરથી આવતી નથી.

## બાળ વિભાગ

# મહાન ભાવપરિવર્તક બહુરૂપી બ્રહ્મગુલાલ

પ્રિય વાચકો ! તમે એક રૂપને જોઈને વિચારમાં નહીં પડી જતા. એક ક્ષણમાં તે જ રૂપ બદલાઈને બીજું સુંદર રૂપ થઈ શકે છે. સિંહના રૌદ્રરૂપના પછી જેણે મુનિદશાના શાંતરસનું સુંદર રૂપ ધારણ કર્યું અને આ પ્રમાણે સંસારનો વેષ છોડી મોક્ષ-સાધનાનો સુંદર વેષ ધારણ કર્યો. આ નાટકમાં એક જીવના બે રૂપ દર્શાવવામાં આવ્યા છે.

(૩)

રાજકુમારે બ્રહ્મગુલાલને કહ્યું—“કલાવિદ્ બંધુ ! આજ તમારે તમારી કલાને સારી રીતે દર્શાવવી પડશે, મારી મિત્રમંડળી આજે તમારી પરીક્ષા કરવા માગે છે.”

બ્રહ્મગુલાલ આ રહસ્યભરી વાત સાંભળીને વિચારમાં પડી ગયા... તેઓ આ વાતનું રહસ્ય ખોલવા માગતા હતા.... તેથી તેણે કહ્યું—

“કુમાર ! શું હજી સુધી તમારી મિત્ર-મંડળી મારી પરીક્ષા કરી નથી શકી ? મારી કલાનું પ્રદર્શન તો અહીં ઘણા સમયથી થઈ રહ્યું છે. તો આજે આવો નવો વિચાર ક્યાંથી આવ્યો ?”

રાજકુમારે કહ્યું—“કલાવિદ્ ! આજે તમારે તમારી કલાની પરીક્ષા દેવી જ પડશે, કેમકે તમારી દરેક કલાનું પ્રદર્શન મહત્વપૂર્ણ અને આકર્ષક હોય છે. તેથી આજે તમારે તમારી કલાનું પહેલાથી વિશેષ પ્રદર્શન કરવાનું રહેશે.”

બ્રહ્મગુલાલે કહ્યું—“તમે કહો તો ખરા....કે મારી આ પરીક્ષા તમે ક્યા વેષમાં કરાવવા માગો છો ?”

રાજકુમારે વાતને સ્પષ્ટ કરતા કહ્યું કે “તમે સિંહના પરાક્રમને તો જાણો છો તો આજે તમારે સિંહનો વેષ બતાવવો જ પડશે.”

બ્રહ્મગુલાલે કહ્યું—“આ બધુ થઈ શકે છે, પણ....તમારે પણ કાંઈક કરવું પડશે.”

રાજકુમારે કહ્યું—“હું બધું કરીશ. બતાવો કે એવું શું મુશ્કેલ કાર્ય છે—જે મારા માટે અસંભવ હોય ?”

બ્રહ્મગુલાલે ગંભીરતાથી કહ્યું—“તમારે મહારાજ પાસેથી એક પ્રાણીના વધની મંજૂરી લાવવી પડશે. ત્યારબાદ તમે આપણી રંગશાળામાં સિંહનું પરાક્રમ જોઈ શકશો.”

“ઠીક છે, હું તમારી વ્યવસ્થા કરું છું.”

આમ કહીને રાજકુમારે તેની રજામંદી આપી દીધી. (રે ભવિતવ્ય !)

(૪)

રાજકુમાર નાટ્યશાળામાં આજે વિશેષ શણગાર કરીને આવ્યો હતો. રાજકુમાર પોતે એક સુંદર સિંહાસન ઉપર બેઠો હતો, તેની આજુબાજુ મિત્રમંડળી બેઠી હતી. પ્રજાજનો પણ આજે સભામંડપમાં સિંહનું વાસ્તવિક સ્વાંગ જોવા માટે ઉત્સુકતાવશ આવી રહ્યા હતા. થોડી જ વારમાં સભામંડપ ખચાખચ ભરાઈ ગયો. રાજકુમારે મિત્રોની સૂચનાથી એક બકરાને મંગાવી સિંહાસનની બાજુમાં બાંધી રાખ્યો હતો.

ઉપસ્થિત જનતા સિંહનો સ્વાંગ જોવા માટે ઘણી આતુરતાથી પ્રતિક્ષા કરી રહી હતી.

તેવામાં અચાનક એક સિંહે છલાંગ મારીને સભામંડપમાં પ્રવેશ કર્યો. લોકો આશ્ચર્યચકિત થઈને તેને જોતા હતા. તેવું જ રૂપ, તેવા જ ભાવ અને તેવું જ તેજ ને પરાક્રમ હતું. સિંહનું ભયાનક વિકરાળ રૂપ જોઈને સભાજનો જાણે સ્થંભિત થઈ ગયા. બાળકો આ ભયાનક સિંહનું રૂપ જોઈને ભાગવા માંડ્યા, જ્યારે આ તો એક બનાવટી સ્વાંગ હતો તોપણ તેમાં બધી જ ક્રૂર ચેષ્ટાઓ સમાયેલી હતી. સિંહ રાજકુમારની સામે ગર્જના કરીને થોડીવાર માટે ઊભો રહ્યો.

સિંહની તીવ્ર ગર્જના અને ભયાનક રૂપ જોઈને રાજકુમાર ડર્યો નહીં પરંતુ તેણે ઉભેલા સિંહને ઉગ્ર સ્વરમાં કહ્યું—

“અરે ! તું કેવો સિંહ છો ? સામે બકરો બાંધેલો છે અને તું ગધેડાની જેમ ચેષ્ટારહિત ઊભો છે. શું આ જ તારું પરાક્રમ અને શક્તિ છે ? નહીં નહીં વાસ્તવમાં, તું સિંહ નથી, જો તું સિંહ હોત તો શું આ બકરો તારી સામે જીવીત રહી શકે ખરો ?

રાજકુમારના શબ્દો સાંભળતા જ... સિંહની આંખો લાલ થઈ ગઈ અને તે પોતાના પંજાને ઉઠાવીને કુદયો...

રાજકુમારના મિત્રો આ દૃશ્ય જોઈ પ્રસન્ન થયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે “આ બ્રહ્મગુલાલ અહિંસાપાલક છે, તે કોઈપણ પ્રકારે હિંસા કરી શકે નહીં, માટે સિંહનો વેષ આજે અવશ્ય નિષ્ફળ જશે અને આપણો વિજય થશે. અને જો તે હિંસા કરશે તો જૈન સમાજમાં તિરસ્કૃત થશે. પોતાના ધર્મવિરુદ્ધ જઈને આ પ્રદર્શનને તે જીવહિંસાથી નહીં રંગી શકે.”

આ પ્રમાણે તેઓ વિચાર કરતા હતા ત્યાં તો સિંહ પોતાની છલાંગ લગાવીને રાજકુમારના સિંહાસન પાસે પહોંચી ગયો અને ...એક જ ઝટકામાં પોતાના પંજાથી તેણે રાજકુમારને સિંહાસનેથી નીચે પછાડી દીધો. ચારેબાજુ કરુણ ચિત્કારથી નાટકનો સભામંડપ ગૂંજી ઉઠ્યો. દર્શકોનું હૃદય કોઈપણ ભયાનક ઘટનાની આશંકાથી કંપી જતું

હતું અને બીજી જ ક્ષણે દર્શકોએ જોયું કે રાજકુમારનું મૃત શરીર સિંહાસનની નીચે પડ્યું છે. સિંહના તીવ્ર પંજાનો આઘાત તે સહન ન કરી શક્યો અને તેનું તત્કાળ મૃત્યુ થયું.

એક ક્ષણમાં તે સભામંડપનું દૃશ્ય શોકમાં બદલાઈ ગયું... આનંદના સ્થાને શોક છવાઈ ગયો. સિંહનું કામ સમાપ્ત થઈ ગયું. સિંહનો સ્વાંગ પૂર્ણ કરીને બ્રહ્મગુલાલ હવે પોતાના વાસ્તવિક રૂપમાં આવી ગયો.

આ પ્રમાણે શોક-વિષાદની છાયાની સાથે નાટ્ય-પરિષદનું કામ પૂર્ણ થયું.

(૫)

મહારાજે રાજકુમારની મૃત્યુના સમાચાર સાંભળ્યા... પરંતુ તેઓ લાચાર હતા, કારણ કે બ્રહ્મગુલાલને સિંહના સ્વાંગ માટે એક પ્રાણીવધની મંજૂરી પોતે જ આપી હતી. શોકના સિવાય બીજો કોઈ ચારો તેમની પાસે નહોતો. હાં એક ઉપાય હતો તે વૈરાગ્યનો ઉપાય.

રાજકુમારની અકાળમૃત્યુથી રાજાનું હૃદય અત્યંત શોકમગ્ન થઈ ગયું, તેઓ કોઈપણ પ્રકારે પોતાના દુઃખને ભુલાવી શકતા નહોતા. બ્રહ્મગુલાલના આ કાર્યથી તેમનું હૃદય ભયંકર વિષાદથી ભરાઈ ગયું અને તે કોઈપણ પ્રકારે તેનો બદલો લેવાનું વિચારતા હતા. તેમનું હૃદય બદલા માટે ઉત્તેજિત થઈ રહ્યું હતું તેઓ કોઈ અવસરની રાહ જોતા હતા, ત્યાં એકાએક તેમના મનમાં એક વિચાર આવ્યો.

એક દિવસ રાજાએ બ્રહ્મગુલાલને પોતાની પાસે બોલાવીને કહ્યું –

''કલાવિદ્ ! સિંહનો સ્વાંગ તો તમે ખૂબ જ સફળતાથી નિભાવ્યો... તમારા રૌદ્રરૂપના દર્શન તો થઈ ગયા. હવે હું તમારા શાંતરૂપના દર્શન કરવા માંગુ છું... તમે દિગમ્બર સાધુનો સ્વાંગ ધારણ કરીને મને વૈરાગ્યનો ઉપદેશ આપો જેથી પુત્રશોકના તાપથી સંતપ્ત મારા હૃદયમાં શાંતિ થાય.''

મહારાજની આ આજ્ઞા રહસ્યપૂર્ણ હતી. તે સાંભળીને બ્રહ્મગુલાલ વિચારમાં પડી ગયો.... પરંતુ બીજી જ ક્ષણે નિર્ણય કરીને તેણે કહ્યું–

''મહારાજ ! તમારી આજ્ઞા મને માન્ય છે, પરંતુ તમારે મને થોડો સમય આપવો પડશે.''

પોતાના મનની ઈચ્છા પૂર્ણ થતી જોઈ રાજા પ્રસન્ન થયો અને તેણે કહ્યું–''ઠીક છે, જેટલો સમય જોઈએ તેટલો લઈ શકો છો, પરંતુ સાધુનો સુંદર અને ઉચ્ચ ઉપદેશ આપીને તમારે મારા શોક-સંતપ્ત હૃદયને શાંત કરવું પડશે.

'જરૂર'–એમ કહીને બ્રહ્મગુલાલ પોતાના ઘરે ચાલ્યો ગયો. (ક્રમશઃ)*

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |


આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

**ફોર્મ નં. ૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૧૯

## (૬૮)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચેના પ્રશ્નોના જવાબ એકજ શબ્દમાં આપો.)

(૧) ''હું શુદ્ધ છું'' એમ સ્વીકારતા પર્યાયની રચના કેવી થાય છે ? ................

(૨) જેઓ વારંવાર નિજ આત્મામાં લીન થઈ આનંદને વેદતા હોય, પ્રચુર સ્વસંવેદન હોય અને જ્ઞાતૃત્વધારા અતૂટ વર્તતી હોય તેવી દશા કોની હોય છે ? ................

(૩) શાસ્ત્રોનું અધ્યયન કરવું, શીખવું, શીખવવું, ચિંતન-મનન કરવું તે શું છે ? ...............

(૪) નિયમસાર પરમાગમમાં નિયમનો અર્થ આચાર્યદેવે શું કરેલ છે ? ..............

(૫) ક્ષાયોપશમિક ભાવના કેટલા ભેદ છે ? ..............

(૬) જીવને નવ તત્ત્વરૂપ કહેવું તે ક્યા નયની અપેક્ષાએ કથન છે ? ..............

(૭) દેવ અને નારકીને ક્યા પ્રકારનું અવધિજ્ઞાન હોય છે ? ..............

(૮) દ્રવ્યને સત અથવા સત્તા ક્યા ગુણની અપેક્ષાએ કહેવામાં આવે છે ? .............

(૯) પડછાયો અને પ્રતિબિંબ એ ક્યા દ્રવ્યની વિભાવ અર્થપર્યાય છે ? .............

(૧૦) ઔપશમિક સમ્યક્ત્વના કેટલા ભેદ છે ? ...............

(૧૧) પૂજ્ય ગુરુદેવે પર્યાયદૃષ્ટિનું ફળ સંસાર કહ્યું છે અને દ્રવ્યદૃષ્ટિનું ફળ શું કહ્યું છે ? ..............

(૧૨) પૂજ્ય બહેનશ્રીના વચનામૃત-૬૫માં આવે છે કે દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા કોનો મહિમા જાગૃત કરવામાં તથા તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં નિમિત્ત છે ? ...............

(૧૩) બાર પ્રકારનાં તપમાં અહંકાર અને મમકારનો ત્યાગ કરવો તેને શું કહે છે ? ...............

(૧૪) જેમ કાદવમાં કમળ નિર્લેપ રહે છે તેમ જીવ કોની વચ્ચે રહ્યા છતાં નિર્લેપ રહે છે ? ...............

(૧૫) ''જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત દેખે છે તે સમગ્ર જિનશાસનને દેખે છે.'' આ કથન પાંચ પરમાગમ પૈકી ક્યા શાસ્ત્રમાં કહ્યું છે ? .......

(૧૬) નિમિત્ત કારણની ઉપસ્થિતિમાં થતા કાર્યને નૈમિત્તિક કાર્ય કહેવાય અને ઉપાદાન કારણને અનુસરીને થતાં કાર્યને શું કહેવાય ? ................

(૧૭) કઈ વિક્રિયાઋદ્ધિના બળથી પર્વત, પથ્થર, વૃક્ષ વગેરેની વચમાં જઈ આકાશની જેમ ગમન કરી શકાય છે ? ................

(૧૮) વર્તમાન અવસર્પિણી કાળનાં અંતિમ કુલકર કોણ હતા ? ................

(૧૯) સમ્યગ્દર્શનના આઠ અંગમાં રૂકમણીદેવીની કથા ક્યાં અંગમાં પ્રસિદ્ધ છે ? ..............

(૨૦) ઋષભદેવ ભગવાન કોનું મૃત્યુ દેખી વૈરાગ્યને પામેલ હતા ? ..............

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી–૨૦૧૯ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | હા | (૮) | ના | (૧૫) | હા |
| (૨) | ના | (૯) | હા | (૧૬) | હા |
| (૩) | ના | (૧૦) | હા | (૧૭) | હા |
| (૪) | ના | (૧૧) | ના | (૧૮) | ના |
| (૫) | હા | (૧૨) | ના | (૧૯) | ના |
| (૬) | હા | (૧૩) | ના | (૨૦) | હા |
| (૭) | હા | (૧૪) | ના | | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૧૯ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) શાંતિનાથ, પદ્મપ્રભુ | (૮) લોભ | (૧૫) ૪૬ |
| (૨) મહાવીર (૭૨ વર્ષ) | (૯) બહેનશ્રી ચંપાબેન | (૧૬) કુંદકુંદાચાર્ય |
| (૩) ૬૦૮ | (૧૦) એકત્વ | (૧૭) જીવ, જ્ઞાન, જ્ઞાનથી |
| (૪) બાહુબલી | (૧૧) માન, લોભ | (૧૮) અજીવ, જાણતું |
| (૫) આદિનાથ | (૧૨) વીર | (૧૯) છ, સાત |
| (૬) અનંત, છ | (૧૩) સુવર્ણપુરી (સોનગઢ) | (૨૦) જીવ, પુદ્ગલ |
| (૭) પ્રથમાનુયોગ | (૧૪) હાથી | |

## (૬૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) દર્શન ઉપયોગના ચાર ભેદ (૧) ............... (૨) ............... (૩) ............. (૪) ................. છે.

(૨) એક પરમાણુ જેટલું નાનું .................... દ્રવ્ય છે.

(૩) વિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકરમાં ચોથા નંબરના તીર્થંકર ............ નામના છે.

(૪) ભવના ..................... માટે આ ભવ છે.

(૫) પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં ............................. ક્ષેત્રમાં તીર્થંકર થાશે.

(૬) બધા ................ ચાવી એક ................. નો અભ્યાસ કરવો તે.

(૭) સિદ્ધશિલા ...................... યોજન વિસ્તારવાળી છે.

(૮) સિદ્ધની સંખ્યા ...................... છે.

(૯) સિદ્ધ ભગવાન ..................... અગ્રભાગ પર સ્થિત છે.

(૧૦) દહીંવડા ...................... પ્રકારના અભક્ષ્યમાં આવે છે.

(૧૧) સમવસરણની ત્રીજી ભૂમિનું નામ .............. વાટિકા છે.

(૧૨) .................... સમ્યગ્દષ્ટિ નારકી છે.

(૧૩) સમ્યગ્દષ્ટિ જીવોની સંખ્યા ................ છે.

(૧૪) સાતમી નરકની નીચે .............. ના જીવો રહે છે.

(૧૫) વેદનની અપેક્ષાએ નરકના નારકી કરતાં .......... ના જીવો વધારે દુઃખી છે.

(૧૬) સંખ્યા અપેક્ષાએ પર્યાપ્તિ ............... હોય છે.

(૧૭) કષાયથી અનુરંજિત યોગને ..................... કહે છે.

(૧૮) પારસનાથ ભગવાન સમ્મેદશિખરની ..................... કૂટથી મોક્ષને પ્રાપ્ત થયેલ છે.

(૧૯) શૌચધર્મ ....................... કષાયના અભાવમાં પ્રગટ થાય છે.

(૨૦) વર્ષમાં ત્રણ વખત પર્યુષણ પર્વ (૧)................ (૨)................. (૩)............. મહિનામાં આવે છે.

**શ્રી કુંદકુંદ-કહાન મુમુક્ષુ મંડળ અમદાવાદ**

**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૭મો

# સમ્યક્ત્વજયંતી–મહોત્સવ

ધર્મપ્રેમી ભાઈશ્રી/બહેનશ્રી

શાસનનાયક પરમદેવાધિદેવ પરમભટ્ટારક શ્રી મહાવીરસ્વામી ભગવાન તથા વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી ભગવાનના ઉપદેશામૃતના કૃપાપાત્ર ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો જૈન સમાજ ઉપર અનુપમ ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના દાસાનુદાસ પરમગુણગ્રાહી, મોક્ષમાર્ગ ઉદ્યોતક પરમકૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત સ્વાનુભવ વિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેનનો પણ વર્તમાનકાળમાં વિશિષ્ટ ઉપકારસહ પ્રભાવ વર્તી રહ્યો છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેને વાંકાનેર નગરમાં ઓગણીસ વર્ષની લઘુવયે ભવાન્તકારી સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું. જે સિદ્ધિ માટે જૈન સમાજમાં તેઓ ઉન્નત આદરને પાત્ર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની મંગળ ઉપસ્થિતિ સમયે, પૂજ્ય બહેનશ્રીએ બ્રહ્મચારી બહેનોને વિવિધ દિગંબર જૈન શાસ્ત્રો ઉપર પ્રવચનો તથા તત્ત્વચર્ચાના માધ્યમથી અધ્યાત્મરસનું પાન કરાવ્યું. બહેનો સાથે તત્ત્વચર્ચાની ફલશ્રુતિરૂપે સમાજને ''બહેનશ્રીનાં વચનામૃત'' નામના સુંદર ગ્રંથની પ્રાપ્તિ થઈ, જે મુમુક્ષુઓને નિજ કલ્યાણ માટે સદાય પથદર્શક રહેશે. ઘણી જ નાની વયમાં તેમના વડીલબંધુ આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જેઠાલાલ શાહ સાથે વૈરાગ્ય અને અધ્યાત્મરસમુદ્રિત પત્ર વ્યવહાર મુમુક્ષુઓને જ્ઞાનીની અંતરંગદશાનો પરિચય કરાવે છે. એક પત્રમાં ''આ આત્માને ભવભ્રમણનો કિનારો આવી ગયો છે,'' એ અત્યંત માર્મિક શબ્દો તેમની ઉત્કૃષ્ટ ઉજ્વલ અંતરંગદશા પ્રસિદ્ધ કરે છે. 'આત્મ અનુભવ તે જ મોક્ષમાર્ગ અને જૈનશાસન' એવો પૂજ્ય ગુરુદેવશ્રી પ્રરૂપિત મહાસિદ્ધાંત, પૂજ્ય બહેનશ્રીના જીવન સાથે નાની વયથી વણાઈ ગયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની અનઉપસ્થિતમાં રોજ નિયમિત રીતે થતી તત્ત્વચર્ચા, મુમુક્ષુજીવોની તત્ત્વપિપાસાને ઘણે અંશે છીપાવતી. તત્ત્વચર્ચાની સીડી અને વિડિયો મળીને આશરે ત્રણસો કેસેટો મુમુક્ષુઓને સ્વાનુભૂતિનો મંગળ સંદેશ અને પ્રેરણા આપી રહી છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ પિસ્તાળીસ વર્ષ સુધી વર્ષાવેલી અમૃતવર્ષાના નિચોડરૂપ 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પવિત્ર ગ્રંથના બોલની પસંદગી તથા પુસ્તકને આખરી ઓપ આપવાનું મંગળકાર્યથી તેઓશ્રીએ સમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર કરેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સુવર્ણપુરીમાં બિરાજમાન પ્રતિકૃતિની સુંદરતા અને સપ્રમાણતા તેઓશ્રીની ગુરુભક્તિનું ઉત્તમ પ્રતિક છે.

પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણ જ્ઞાનના પ્રતાપે સમાજને સમવસરણની ઉત્તમ રચના તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ભૂતકાળની તથા ભવિષ્યની પર્યાયોનો તાદ્રશ ચિતાર પ્રાપ્ત થયો છે.

આ સાથે 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથની પણ અનુપમ ભેટ સમાજને પ્રાપ્ત થઈ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ધાતકીખંડના ભાવી તીર્થંકર શ્રી સૂર્યકીર્તિ તીર્થંકરની પર્યાયનો સમાજને પરિચય પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનને જ આભારી છે, જે માટે મુમુક્ષુ સદાય તેમનો ઋણી રહેશે. સુવર્ણપુરીના કણ–કણ સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપકારસ્મૃતિ વણાયેલી છે. સાથે સાથે પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રીનો જાતિસ્મરણજ્ઞાન તથા સ્વાનુભૂતિથી વિભૂષિત સમ્યક્જ્ઞાનનો પ્રભાવ પણ સદાય ગુંજતો રહેશે. તેઓશ્રીની અલૌકિક અંતરંગદશાનો ચિતાર, પંડિતરત્ન શ્રી હિંમતભાઈ શાહે નીચેના શબ્દોમાં વર્ણવ્યો છે.

દિનદિન વૃદ્ધિમતિ નિજ પરિણતિ વચનાતીત સુમંગલ હૈ,
મંગલમૂરતિ મંગલપદમેં મંગલ અર્થ સુવંદન હૈ.

મુમુક્ષુ સમાજ ઉપર અનેકવિધ ઉપકાર કરનાર પૂજ્ય બહેનશ્રીનું જ્ઞાન અને વૈરાગ્યમય જીવન મુમુક્ષુઓ માટે આદર્શ અને પ્રેરણારૂપ છે. આવા પરમોપકારી પૂજ્ય બહેનશ્રીની ૮૭મી મંગલકારી સમ્યક્ત્વ જયંતી ઉજવવાનું અનુપમ સૌભાગ્ય અમારા શ્રી કુંદકુંદ કહાન મુમુક્ષુ મંડળ, અમદાવાદને પ્રાપ્ત થયું છે, જે માટે મંડળ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટનો ખૂબખૂબ આભાર માને છે.

નિજ આત્મકલ્યાણના હેતુભૂત, મંગલકારી ૮૭માં સમ્યક્ત્વજયંતિ મહોત્સવના મંગલ અવસરે આપ સર્વે જરૂરથી પધારશો એવું અમારું હાર્દિક નિમંત્રણ છે. વિક્રમ સંવત ૨૦૭૫માં આગામી ફાગણ વદ છઠ્ઠ થી ફાગણ વદ દશમ્ ને તા. ૨૬–૩–૨૦૧૯ થી ૩૦–૩–૨૦૧૯ દરમ્યાન ભવ્ય રીતે ઉજવનાર આ પ્રસંગ દરમ્યાન શ્રી જંબૂદ્વીપ શાશ્વત જિનબિમ્બ મંગલ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણી મુદ્રિત સીડી પ્રવચનો, પૂજ્ય ભગવતી માતાની તત્ત્વચર્ચા, વઢવાણ ભજનમંડળી દ્વારા ભક્તિ, વિદ્વાનો દ્વારા જ્ઞાનશિબિર વિગેરે કાર્યક્રમો રાખવામાં આવશે. અમદાવાદના મુમુક્ષુવૃંદ દ્વારા પુરુષાર્થ પ્રેરક વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે.

આ મંગલ મહોત્સવમાં પધારવાથી આપને સુવર્ણપુરી તીર્થધામના જિનાલયોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન તથા વિશાળકાય મનોહર પ્રતિષ્ઠેય શ્રી બાહુબલી ભગવાનના તથા નિર્માણાધિન જંબૂદ્વીપમાં બિરાજમાન થનાર મનોરમ્ય પ્રતિમાઓના દર્શનનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થશે. આ માંગલિક પ્રસંગે જરૂરથી પધારવાનું અમારું પુનઃપુનઃ વાત્સલ્યભીનું આમંત્રણ છે.

પ્રેષક : શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ

નિમંત્રક
શ્રી કુંદકુંદ કહાન મુમુક્ષુ મંડળ
અમદાવાદ

નિમંત્રણ પત્રિકા સૌજન્ય :
સ્વ. સરોજબેન નગીનદાસ અજમેરા પરિવાર
(હિના, જયશ્રી, સંજય, હેમંત, આરીન, નિયતી:
હસ્તે રૂપા નિશિત દોશી, આદિત્ય, આયુષ, નિશિત દોશી

સૂચના : આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પહેલામાં પહેલી ક્રિયા શું ?—કે સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે, પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યો છે. તોપણ ભેદજ્ઞાનની પ્રવીણતાથી, રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે. ૩૪૮.

● એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે ?—કે 'આ અનુભૂતિ છે તે જ હું છું' પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે. ૩૪૯.

● આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી, તેથી મૃત્યુ પહેલા આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે. ૩૫૦.

● સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું ?—કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાન વડે આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્માનું જ્ઞાન થતાં જેવો આત્મા જાણ્યો એવી જ પ્રતીતિ થતાં સમ્યક્શ્રદ્ધાન ઉદ્યોત થાય છે. ૩૫૧.

● પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ?—કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. ૩૫૨.

● ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ. કેમકે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે. ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે, એટલે કે સમ્યગ્દર્શન થાય.—એમ શાસ્ત્ર ગુરુ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે. ૩૫૩.

આત્મધર્મ
માર્ચ-૨૦૧૯
અંક-૭ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-3-2019
Posted on 1-3-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org